# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## સ ત્તા વી સ મો

## વાર્ષિક રિપોર્ટ

વીર સંવત ૨૪૬૭-૬૮ : વિક્રમાર્ક ૧૯૯૭-૯૮
ઈસ્વી સન ૧૯૪૧-૪૨

સ્થાન :
વિદ્યાલય ભવન, ગોવાળીઆ ટૅંક રોડ,
મુંબઈ ૨૬

અનુમતિથી :
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
ચંદુલાલ સારાભાઈ મોદી
માનદ મંત્રીઓ

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## આશ્રયદાતાઓ (પેટ્રન)ની નામાવલિ

૧ શેઠ હેમચંદ અમરચંદ
૨ ,, દેવકરણ મુળજી
૩ ,, મોતીલાલ મુળજી
૪ ,, કલ્યાણજી ખુશાલ
૫ ,, હીરાલાલ અમૃતલાલ પુરૂષોત્તમ
૬ ,, સારાભાઈ મગનભાઈ મોદી
૭ ,, હીરાલાલ બકોરદાસ
૮ ,, ઓતમચંદ રણછોડદાસ
૯ ,, વાડીલાલ સારાભાઈ
૧૦ ,, પાનાચંદ માવજીભાઇ
૧૧ ,, મેઘજીભાઈ સોજપાળ
૧૨ ,, રાયચંદ મોતીચંદ
હા. શેઠ રણછોડભાઈ રાયચંદ
૧૩ ,, કકલભાઇ ભુદરદાસ વકીલ
૧૪ ,, નગીનચંદ કપુરચંદ ઝવેરી
૧૫ ,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
૧૬ ,, દામોદરદાસ ભીમજી
૧૭ ,, સોજપાળ કાયા
હા. શેઠ રામજીભાઈ રવજીભાઈ
૧૮ ,, ગિરધરલાલ ત્રિકમલાલ
૧૯ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ
૨૦ ,, હેમચંદ મોહનલાલ ઝવેરી
૨૧ ,, માણેકલાલ ચુનીલાલ
૨૨ ,, મણીલાલ રીખવચંદ ઝવેરી
૨૩ ,, પ્રાગજીભાઈ ઝવેરચંદ
૨૪ ,, ચુનીલાલ મુળચંદ કાપડીઆ
૨૫ ,, પુરૂષોત્તમભાઈ અમરશી
હા. શેઠ નાગજીભાઈ, નારણભા
તથા માણેકલાલ
૨૬ ,, જીવણલાલ કેશરીચંદ
હા. શ્રી ધીરજલાલ
૨૭ ,, મોહોલાલ મગનલાલ
૨૮ મે. ભોગીલાલ હીરાલાલ શાહની કું.
૨૯ શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી
૩૦ મે. કેશવલાલ પ્રેમચંદ
હા. શ્રી બબલચંદ કેશવલાલ મોદી
૩૧ શ્રી એવંતીલાલ હીરાલાલ ચોકસી
૩૨ મે. ભોગીલાલ લેહેરચંદ ઝવેરી
૩૩ મે. રતીલાલ વર્ધમાન શાહ
૩૪ શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી

શ્રી

# મહાવીર જૈન વિદ્યાલય

(ઇ. સ. ૧૮૬૦ ના સોસાયટીસ રજીસ્ટ્રેશન એક્ટ ૨૧ મુજબ રજીસ્ટર થયેલ)

## સત્તાવીસમો વાર્ષિક રિપોર્ટ

आरोग्यबुद्धिविनयोद्यमशास्त्ररागाः,
पञ्चान्तराः पठनसिद्धिकरा नराणाम् ।
आचार्यपुस्तकनिवाससहायभिक्षाः,
बाह्याश्च पञ्च पठनं परिवर्द्धयन्ति ॥

વીર સંવત ૨૪૬૭–૨૪૬૮ : વિક્રમ ૧૯૯૭–૯૮ : ઇસ્વી સન ૧૯૪૧–૪૨


વિદ્યાલય ભવન,
ગોવાળીઆ ટૅંક રોડ,
મુંબઇ ૨૬

વ્યવસ્થાપક સમિતિની અનુમતિથી,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
ચંદુલાલ સારાભાઈ મોદી
માનદ મંત્રીઓ

# સત્તાવીસમા વાર્ષિક રિપોર્ટની અનુક્રમણિકા



પૃષ્ટાંક

સુખપૃષ્ઠ ... ... ... ... ... ... ... ... ૧
અનુક્રમણિકા ... ... ... ... ... ... ... ૨
સને ૧૯૪૨–૪૩ ની વ્યવસ્થાપક સમિતિ ... ... ... ... ... ૩
સને ૧૯૪૧–૪૨ ની વિદાય થતી વ્યવસ્થાપક સમિતિ ... ... ... ... ૪
તા. ૨૭–૯–૧૯૪૨ ની સામાન્ય સમિતિની કાર્યવાહી ... ... ... ... ૫
સને ૧૯૪૧–૪૨ નો સત્તાવીસમો વાર્ષિક રિપોર્ટ ... ... ... ... ૧૩
વિદ્યાર્થીઓ પાસે લેણી પડતી લોનનું સિંહાવલોકન ... ... ... ... ૪૩
તા. ૩૧ મી મે ૧૯૪૨ ના દિવસનું સરવાયું અને આવક જાવકનો હિસાબ ... ... ૪૪
પરિશિષ્ટ નં. ૧ :–સને ૧૯૪૨–૪૩ માં ચાલુ વિદ્યાર્થીઓ ... ... ... ૫૪
પરિશિષ્ટ નં. ૨ :–ટ્રસ્ટ વિદ્યાર્થીઓને લગતા નિયમો ... ... ... ... ૫૯
પરિશિષ્ટ નં. ૩ :–વાર્ષિક ધાર્મિક પરીક્ષાના પરીક્ષકનો રિપોર્ટ ... ... ... ૬૦
પરિશિષ્ટ નં. ૪ :–શેઠ સારાભાઈ મ. મોદી લોન સ્કો. ફંડ સમિતિનું નિવેદન ... ૬૧
(क) ૧૯૪૧–૪૨ નું તથા ૧૯૨૪–૪૨ નું સરવાયું ... ૬૨
પરિશિષ્ટ નં. ૫ :–શેઠ સારાભાઈ મ. મોદી ઉચ્ચ અ. શિ. ટ્રસ્ટ સમિતિનું નિવેદન ... ૬૩
(क) ૧૯૪૧–૪૨નું તથા ૧૯૩૨–૪૨ નું સરવાયું ... ૬૪
પરિશિષ્ટ નં. ૬ :–લોન રિફંડ સમિતિનું નિવેદન ... ... ... ... ૬૫
પરિશિષ્ટ નં. ૭ :–૧૯૪૧–૪૨ માં લવાજમની આવક તથા ભેટની યાદી ... ... ૬૭
સભ્યોની યાદી ... ... ... ... ... ... ... ૭૦


* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

## સંસ્થાના પ્રકાશન

| | |
|---|---|
| આચાર્ય હેમચંદ્ર વિરચિત કાવ્યાનુશાસન ( મૂળ અને અંગ્રેજી નોંધ ) બે ભાગના | રૂા. ૬–૦–૦ |
| આચાર્ય હેમચંદ્રકૃત યોગશાસ્ત્ર ( ભાષાનુવાદ સહિત ) ... ... ... | રૂા. ૦–૮–૦ |
| આચાર્ય હરિભદ્રકૃત અષ્ટક પ્રકરણ ( ભાષાનુવાદ સહિત ) ... ... | રૂા. ૦–૪–૦ |
| સંસ્થાનો રજત મહોત્સવ ગ્રંથ ... ... ... ... ... | રૂા. ૩–૦–૦ |



પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ

[ શ્રી આત્માનંદ પ્રકાશના સૌજન્યથી

## સને ૧૯૪૨-૪૩ ની અઠ્ઠાવીશમા વર્ષની વ્યવસ્થાપક સમિતિ

૧ શ્રી. ચંદુલાલ સારાભાઈ મોદી, બી. એ. ... ... મંત્રી
૨ ,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ., એલએલ. બી., સોલિસિટર ... ,,
૩ ,, કકલભાઈ ભુદરદાસ વકીલ ... ... કોપાધ્યક્ષ
૪ ,, પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી, બી. એ., બી. એસસી., બાર-એટ-લો ... સભ્ય
૫ ડૉ. મોહનલાલ હેમચંદ શાહ, એમ. બી., બી. એસ., ઝેડ. યુ. ( વીએના ), ડી. ટી. એમ. ( લીવ. ) ... ... ,,
૬ શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ ... ... ,,
૭ ,, મગનલાલ ભગવાનજી શાહ, બી. એસસી. ... ... ,,
૮ ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી. એ., એલએલ. બી. ... ... ,,
૯ ,, મણિલાલ મહોકમચંદ શાહ ... ... ,,
૧૦ ,, ચીમનલાલ મોતીલાલ પરીખ, બી. કૉમ. ... ... ,,
૧૧ ,, માધવલાલ હીરાલાલ શાહ, એમ. આર. એ. એસ. ... ... ,,
૧૨ ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ, ડી. ઓ., એમ. એસ. ( લંડન ) ... ... ,,
૧૩ શ્રી. કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા, એમ. એ. ... ... ,,
૧૪ ,, હીરાલાલ મંછાચંદ શાહ, સોલિસિટર ... ... ,,
૧૫ ,, મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ., એલએલ. બી. ... ... ,,

તા. ૧૦-૧૦-૧૯૪૨ ના વ્યવસ્થાપક સમિતિના ઠરાવથી બંધારણની કલમ ૨૬ અનુસાર નીચેના બે સભ્યોને કોઓપ્ટ કરવામાં આવ્યા:—

૧૬ શ્રી. મકનજી જુઠાભાઈ મહેતા, બાર-એટ-લો ... ... સભ્ય
૧૭ ,, વલ્લભદાસ ફુલચંદ મહેતા ... ... ,,

### ચાલુ ટ્રસ્ટીઓ ( ૧૯૩૯-૪૪ )

૧ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
૨ ,, ચંદુલાલ સારાભાઈ મોદી
૩ ,, કકલભાઈ ભુદરદાસ વકીલ
૪ ,, સાકરચંદ મોતીલાલ મુળજી
૫ ,, અમૃતલાલ કાળીદાસ શેઠ

## સને ૧૯૪૧–૪૨ ની સત્તાવીસમા વર્ષની વિદાય થતી વ્યવસ્થાપક સમિતિ


| | | |
|---|---|---|
| ૧ શ્રી. | મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ., એલએલ. બી., સોલિસિટર | મંત્રી |
| ૨ ,, | ચંદુલાલ સારાભાઈ મોદી, બી. એ. ... ... | ,, |
| ૩ ,, | કકલભાઈ ભુદરદાસ વકીલ ... ... | કોષાધ્યક્ષ |
| ૪ ,, | ચંદુલાલ વર્ધમાન શાહ ... ... | સભ્ય |
| ૫ ,, | પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી. એ., એલએલ. બી. ... ... | ,, |
| ૬ ડૉ. | મોહનલાલ હેમચંદ શાહ, એમ. બી., બી. એસ., ઝેડ. યુ. ( વીએના ), ડી. ટી. એમ. ( લીવ. ) ... ... | ,, |
| ૭ શ્રી. | મણિલાલ મહોકમચંદ શાહ ... ... | ,, |
| ૮ ,, | પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી, બી. એ., બી. એસસી., બાર-એટ-લૉ ... | ,, |
| ૯ ,, | વલ્લભદાસ ફુલચંદ મહેતા ... ... | ,, |
| ૧૦ ,, | જમનાદાસ અમરચંદ ગાંધી ... ... | ,, |
| ૧૧ ,, | મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ., એલએલ. બી. ... ... | ,, |
| ૧૨ ,, | હીરાલાલ મંછાચંદ શાહ, સોલિસિટર ... ... | ,, |
| ૧૩ ડૉ. | ચીમનલાલ નેમચંદ શ્રોફ, ડી. ઓ., એમ. એસ. ( લંડન ) ... ... | ,, |
| ૧૪ શ્રી. | માધવલાલ હીરાલાલ શાહ, એમ. આર. એ. એસ. ... ... | ,, |
| ૧૫ ,, | મકનજી જુઠાભાઈ મહેતા, બાર-એટ-લૉ ... ... | ,, |

તા. ૩૧–૮–૪૧ ના વ્યવસ્થાપક સમિતિના ઠરાવથી બંધારણની કલમ ૨૬ અનુસાર નીચેના બે સભ્યોને કોઓપ્ટ કરવામાં આવ્યા :—

| | | |
|---|---|---|
| ૧૬ શ્રી. | બબલચંદ કેશવલાલ મોદી ... ... | સભ્ય |
| ૧૭ ,, | ચીમનલાલ મોતીલાલ પરીખ, બી. કૉમ. ... ... | ,, |



– પેટ્રનો –



શેઠ ગિરધરલાલ ત્રિકમલાલ



ઝવેરી લેહેરચંદ ઉત્તમચંદ
( મે. ભોગીલાલ લેહેરચંદ ઝવેરી )



શ્રી. રતીલાલ વર્ધમાન શાહ
( મે. રતીલાલ વર્ધમાન શાહ )



શ્રી. ચંદુલાલ સારાભાઈ મોદી

મુંબઈ, તા. ૨૭-૯-૧૯૪૨.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## સામાન્ય સમિતિની સત્તાવીસમી સાધારણ સભા

આ સંસ્થાની સામાન્ય સમિતિની સત્તાવીસમી સાધારણ સભા તા. ૨૭-૯-૧૯૪૨ ને રવિવારે બપોરે ૩-૩૦ (સ્ટાં. ટા.) કલાકે સંસ્થાના મધ્યગૃહમાં બોલાવવામાં આવી હતી, જે વખતે ૩૨ સભ્યો (નામો નોંધમાં છે.) હાજર હતા.

પ્રમુખસ્થાન શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલને આપવામાં આવ્યું. તા. ૧૦-૮-૧૯૪૧ ની સામાન્ય સમિતિની સાધારણ સભાની નોંધ વંચાયા અને મંજુર થયા બાદ પ્રમુખ શ્રીએ તે પર સહી કરી હતી. ત્યારબાદ નીચે મુજબ કાર્ય હાથ ધરવામાં આવ્યું.

**ઠરાવ પહેલો:** "સત્તાવીસમો વાર્ષિક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો તે પસાર કરવો."

દરખાસ્ત: શ્રી મકનજી જુઠાભાઈ મહેતા. ટેકો: શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ.

**ઠરાવ: સર્વાનુમતે પસાર**

**ઠરાવ બીજો:** "સને ૧૯૪૧ ના જુનથી ૧૯૪૨ ના મે આખર સુધીનો ઓડિટ થએલ હિસાબ તથા સત્તાવીસમા વર્ષ આખરનું સરવૈયું રજૂ થયાં તે પસાર કરવાં."

દરખાસ્ત: શ્રી મગનલાલ ભગવાનજી શાહ. ટેકો: શ્રી રતિલાલ ભીખાભાઈ શાહ.

**ઠરાવ: સર્વાનુમતે પસાર**

**ઠરાવ ત્રીજો** "તા. ૨૦-૬-૧૯૪૨ ના રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિની સભામાં રજૂ થએલ ૧૯૪૨-૪૩ નું નીચે મુજબનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું તે પસાર કરવું."

| આવક | રૂ. આ. પા. | જાવક | રૂ. આ. પા. |
|---|---|---|---|
| મકાન ભાડાના... ... | ૧૧૦૦૦-૦-૦ | કોલેજ ફીઝ ... ... | ૨૪૦૦૦-૦-૦ |
| લવાજમના ... ... | ૧૦૦૦૦-૦-૦ | કોલેજ પુસ્તકો ... ... | ૪૦૦૦-૦-૦ |
| લોન રિફન્ડના ... ... | ૨૦૦૦૦-૦-૦ | બહાર ગામના વિદ્યાર્થીઓ ... | ૬૦૦૦-૦-૦ |
| પેઇંગ એન્ડ ટ્રસ્ટ બોર્ડર ફીઝ | ૭૦૦૦-૦-૦ | ધાર્મિક શિક્ષણ ખર્ચ ... | ૧૫૦૦-૦-૦ |
| વ્યાજના ... ... | ૧૦૦૦૦-૦-૦ | ભોજન ખર્ચ ... ... | ૨૩૦૦૦-૦-૦ |
| | | બહારના ભોજન ખર્ચ ... | ૨૫૦૦-૦-૦ |
| | | રીડીંગ રૂમ ખર્ચ ... | ૨૫૦-૦-૦ |
| | | ગેઇમ્સ એન્ડ સ્ટુડન્ટસ યુનીયન | ૪૦૦-૦-૦ |
| | | દવા ખર્ચ ... ... | ૨૫૦-૦-૦ |
| | | બિછાના તથા ધોલાઇ ખર્ચ... | ૬૦૦-૦-૦ |
| | | દીવાબત્તી તથા રિપેર ખર્ચ... | ૧૫૦૦-૦-૦ |
| | ૫૮૦૦૦-૦-૦ | | ૬૪૦૦૦-૦-૦ |

| આવક | રૂ. આ. પા. | જાવક | રૂ. આ. પા. |
|---|---|---|---|
| પાછળથી લાવ્યા ... | ૫૮૦૦૦–૦–૦ | પાછળથી લાવ્યા ... | ૬૪૦૦૦–૦–૦ |
| | | પગાર ખર્ચ ... ... | ૪૦૦૦–૦–૦ |
| | | દેરાસરજી ખર્ચ ... ... | ૩૦૦–૦–૦ |
| | | લોન રિફન્ડ ખર્ચ ... | ૧૨૦૦–૦–૦ |
| | | પોસ્ટેજ ખર્ચ ... ... | ૨૫૦–૦–૦ |
| | | ટેલીફોન ખર્ચ ... ... | ૨૦૫–૦–૦ |
| | | ઓડિટ ખર્ચ ... ... | ૧૫૧–૦–૦ |
| | | ડેડ સ્ટોક ઘસારો... ... | ૬૦૦–૦–૦ |
| | | મકાનો રિપેર, મ્યુ. ટેક્ષ, વીમો, લાઈટ વિ. ખર્ચ... | ૪૫૦૦–૦–૦ |
| | | ટ્રસ્ટ ખાતાઓને વ્યાજના ... | ૯૫૦૦–૦–૦ |
| | | લાયબ્રેરી પુસ્તકો ... | ૭૫૦–૦–૦ |
| | | લાયબ્રેરી ખર્ચ... ... | ૫૦૦–૦–૦ |
| | | સ્ટેશનરી છપામણી ખર્ચ ... | ૧૨૫૦–૦–૦ |
| | | પરચુરણ ખર્ચ તથા ટેક્ષ ... | ૭૫૦–૦–૦ |
| | | ડેડ સ્ટોક (ફરનીચર) ... | ૧૦૦૦–૦–૦ |
| | ૫૮૦૦૦–૦–૦ | | ૮૮૯૫૬–૦–૦ |

દરખાસ્ત: શ્રી બબલચંદ કેશવલાલ મોદી: ટેકો: શ્રી ખાંતીલાલ કેશવલાલ મોદી

**ઠરાવ: સર્વાનુમતે પસાર**

**વ્યવસ્થાપક સમિતિની ચુંટણી:**

ત્યાર બાદ ઓડિટર્સ મેસર્સ ચંદુલાલ એન્ડ કું. એ સને ૧૯૪૨–૪૩ ની સાલ માટે નવી વ્યવસ્થાપક સમિતિની ચુંટણી અંગે મતપત્રકો તપાસ્યાં તેનો તા.૨૭–૯–૧૯૪૨ નો રિપોર્ટ વાંચી સંભળાવ્યો. સદર ચુંટણી અંગે ૨૫૦ મતપત્રકો ભરાઈ આવ્યાં, તેમાં ૯ ગેરકાયદેસર ઠર્યાં. મતનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું તેની નોંધ લેવામાં આવી.

| | | | મત |
|---|---|---|---|
| ૧ | શ્રી. ચંદુલાલ સારાભાઈ મોદી, બી. એ. | મંત્રી | ૨૩૮ |
| ૨ | ,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ., એલએલ. બી., સોલિસિટર | ,, | ૨૩૭ |
| ૩ | ,, કકલભાઈ ભુદરદાસ વકીલ | કોષાધ્યક્ષ | ૨૨૬ |
| ૪ | ,, પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી, બી. એ., બી. એસસી., બાર-એટ-લો | સભ્ય | ૨૩૨ |
| ૫ | ડો. મોહનલાલ હેમચંદ શાહ, એમ. બી., બી. એસ., ડી. ટી. એમ. (લીવ), ઝેડ. યુ. (વીએના), | ,, | ૨૨૨ |
| ૬ | શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ | ,, | ૨૨૦ |
| ૭ | ,, મગનલાલ ભગવાનજી શાહ, બી. એસસી. | ,, | ૧૯૦ |



| | | | |
|---|---|---|---|
| ૮ | શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી. એ., એલએલ. બી. | મત | ૧૭૮ |
| ૯ | ,, મણિલાલ મહોકમચંદ શાહ | ,, | ૧૭૮ |
| ૧૦ | ,, ચીમનલાલ મોતીલાલ પરીખ, બી. કોમ. | ,, | ૧૭૩ |
| ૧૧ | ,, માધવલાલ હીરાલાલ શાહ, એમ. આર. એ. એસ. | ,, | ૧૬૯ |
| ૧૨ | ડો. ચીમનલાલ નેમચંદ શ્રોફ, ડી. ઓ., એમ. એસ. (લંડન) | ,, | ૧૬૬ |
| ૧૩ | શ્રી. કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા, એમ. એ. | ,, | ૧૫૮ |
| ૧૪ | ,, હીરાલાલ મંછાચંદ શાહ, બી. એ., એલએલ. બી., સોલિસિટર | ,, | ૧૫૭ |
| ૧૫ | ,, મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ., એલએલ. બી. | ,, | ૧૪૩ |

**ઠરાવ ચોથો:** "સને ૧૯૪૨–૪૩ ના વર્ષ માટે મેસર્સ ચંદુલાલ એન્ડ કું. ને સંસ્થાના ઓડિટર્સ નિમવા અને તેમને રૂા. ૧૫૧) એકસો એકાવન ઓનોરેરિયમ આપવું."

દરખાસ્ત: શ્રી બબલચંદ કેશવલાલ મોદી. ટેકો: શ્રી ભોગીલાલ હીરાલાલ શાહ.

**ઠરાવ: સર્વાનુમતે પસાર.**

**બંધારણમાં સુધારા:** બંધારણ

તા. ૫–૯–૧૯૪૨ ના રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિએ સૂચવેલ સંસ્થાના બંધારણમાં નીચે મુજબ સુધારા રજૂ કરવામાં આવ્યા તે પર ચર્ચા કરીને નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યા:—

**કલમ ૧૦.** "આ વિદ્યાલયના વિદ્યાર્થીગૃહમાં વિદ્યાર્થીઓને 'લોન', 'હાફપેઈંગ,' 'પેઈંગ,' અને ટ્રસ્ટ-વિદ્યાર્થીઓ તરીકે વ્યવસ્થાપક સમિતિએ દાખલ કરવા. એ ઉપરાંત આ સંસ્થાના ફંડમાં વધારો હોય તો અન્ય **સ્થળે અભ્યાસ કરતા** વિદ્યાર્થીને છાત્રવૃત્તિ અથવા ઉછીની રકમ (લોન) આપવી,......વિગેરે."

ઉપરની કલમમાંથી 'સ્થળે અભ્યાસ કરતા' શબ્દો કાઢી નાંખવા અને સુધારેલી કલમ નીચે પ્રમાણે વાંચવી:—

"આ વિદ્યાલયના વિદ્યાર્થીગૃહમાં વિદ્યાર્થીઓને 'લોન', 'હાફ પેઈંગ', 'પેઈંગ', અને 'ટ્રસ્ટ'-વિદ્યાર્થીઓ તરીકે વ્યવસ્થાપક સમિતિએ દાખલ કરવા. એ ઉપરાંત આ સંસ્થાના ફંડમાં વધારો હોય તો અન્ય વિદ્યાર્થીને છાત્રવૃત્તિ અથવા ઉછીની રકમ (લોન) આપવી,......વિગેરે."

**સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૧૩.** "ભાગીદારી પેઢીના નામે સભ્ય થયેલા હોય તેમના તરફથી પ્રતિનિધિ તરીકે ભાગીદારમાંથી જેનું નામ વખતોવખત નોંધાવવામાં આવે તે સભ્ય તરીકેના હક્કો ભોગવી શકશે. ભાગીદારી પેઢી તરીકેની નોંધ સભ્ય થતી વખતે થવી જોઈએ."

ઉપરની કલમ નીચે મુજબ સુધારવા શ્રી ચંદુલાલ મોદીએ દરખાસ્ત રજૂ કરી:– "ભાગીદારી પેઢીના નામે અથવા કોઈ સંસ્થાને નામે સભ્ય થયેલા હોય તેમના તરફથી પ્રતિનિધિ તરીકે ભાગીદારી પેઢીએ પોતાના ભાગીદારમાંથી અને સંસ્થાએ પોતાના

સભ્યોમાંથી જેનું નામ વખતોવખત નોંધાવ્યું હોય તે સભ્ય તરીકેના હક્કો ભોગવી શકશે. ભાગીદારી પેઢી અથવા સંસ્થા તરીકેની નોંધ સભ્ય થતી વખતે થવી જોઈએ."

આ સંબંધી ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે વ્યવસ્થાપક સમિતિએ સંયુક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબની પેઢી અંગે પૂરતો વિચાર કરી આ કલમ સુધારવા માટે હવે પછી રજૂ કરવી અને હાલ તુરત છે તેમ કાયમ રાખી તેને ૧૩ ( ૧ ) નંબર આપવો અને ૧૩ ( ૨ ) તરીકે નીચે મુજબ કલમ ઉમેરવી :—

" સંસ્થાના નામે કોઈ સભ્ય થયેલા હોય તેમના તરફથી પ્રતિનિધિ તરીકે સંસ્થાએ પોતાના સભ્યોમાંથી જેનું નામ વખતોવખત નોંધાવ્યુ હોય તે સભ્ય તરીકેના હકકો ભોગવી શકશે. સંસ્થા તરીકેની નોંધ સભ્ય થતી વખતે થવી જોઈએ. "

દરખાસ્ત : **શ્રી પ્રસન્નસુખ સુરચંદ બદામી.** ટેકો : શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ ઉપલી દરખાસ્ત ઉપર નીચે મુજબ સુધારો રજૂ થયો :—

" સંસ્થાના નામે કોઈ સભ્ય થયેલા હોય તેમના તરફથી પ્રતિનિધિ તરીકે સંસ્થાએ **પોતાની કાર્યવાહક સમિતિઓમાંથી** જેનું નામ વખતોવખત નોંધાવ્યું હોય તે સભ્ય તરીકેના હકકો ભોગવી શકશે. સંસ્થા તરીકેની નોંધ સભ્ય થતી વખતે થવી જોઈએ. "

દરખાસ્ત : **શ્રી બબલચંદ કેશવલાલ મોદી.** ટેકો : શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ.

શ્રી બબલચંદ મોદીના સુધારાની તરફેણમાં ૫ મત વિરૂદ્ધ ઘણા મત પડતાં સુધારો ઉડી ગયેલો જાહેર કરવામાં આવ્યો.

શ્રી પ્રસન્નસુખ સુરચંદ્ર બદામીની દરખાસ્ત ઉપર મત લેતાં, તે સર્વાનુમતે પસાર થયેલ જાહેર કરવામાં આવી. આ કલમનું મથાળું **" પેઢી સભ્ય તથા સંસ્થા સભ્ય "** રાખવું. **સુધારેલી કલમ ૧૩ નીચે મુજબ વાંચવી.**

**કલમ ૧૩. પેઢી સભ્ય તથા સંસ્થા સભ્ય.**

( ૧ ) " ભાગીદારી પેઢીના નામે સભ્ય થયેલા હોય તેમના તરફથી પ્રતિનિધિ તરીકે ભાગીદારમાંથી જેનું નામ વખતોવખત નોંધાવવામાં આવે તે સભ્ય તરીકેના હકકો ભોગવી શકશે. ભાગીદારી પેઢી તરીકેની નોંધ સભ્ય થતી વખતે થવી જોઇએ. "

( ૨ ) " સંસ્થાના નામે કોઇ સભ્ય થયેલા હોય તેમના તરફથી પ્રતિનિધિ તરીકે સંસ્થાએ પોતાના સભ્યોમાંથી જેનું નામ વખતોવખત નોંધાવ્યું હોય તે સભ્ય તરીકેના હકકો ભોગવી શકશે. સંસ્થા તરીકેની નોંધ સભ્ય થતી વખતે થવી જોઇએ."

**કલમ ૧૪.** આ કલમનું મથાળું **' સભ્ય અરજી '** છે, તે સુધારી **' સભ્યો '** રાખવું, અને આ કલમને ૧૪ ( ૧ ) ગણવી અને નીચે મુજબ **૧૪ ( ૨ )** અને **૧૪** ( ૩ ) કલમો ઉમેરવી :—

**૧૪ ( ૨ )** " જો કોઈ સભ્ય મરણ પામે, ભાગીદારી પેઢી કે સંસ્થા તરીકે સભ્ય થયા હોય અને તેવી ભાગીદારી પેઢી કે સંસ્થાની હયાતી **ન** હોય, તો તેવા સભ્યનું નામ સભ્યોની નામાવલિમાંથી કમી કરવામાં આવશે, અને તે પ્રમાણેનો ઠરાવ વ્યવસ્થાપક સમિતિમાં પસાર થયે તે સભ્ય કમી થયેલ ગણાશે. "



**૧૪ ( ૩ )** " વર્ષ દરમ્યાન થયેલા નવા સભ્યો તેમજ કમી થયેલા સભ્યોની નોંધ સંસ્થાના તે વર્ષના અહેવાલમાં બહાર પાડવામાં આવશે."

**સુધારેલી કલમ ૧૪ નીચે મુજબ વાંચવી :—**

**સભ્યો.** ૧૪ ( ૧ ) " ઉપર પ્રમાણે કોઇપણ પ્રકારના સભ્ય થવા ઇચ્છનારની અરજી વ્યવસ્થાપક સમિતિમાં પસાર થયે તેને સભ્ય ગણવામાં આવશે."

( ૨ ) " જો કોઈ સભ્ય મરણ પામે, ભાગીદારી પેઢી કે સંસ્થા તરીકે સભ્ય થયા હોય અને તેવી ભાગીદારી પેઢી કે સંસ્થાની હયાતી ન હોય, તો તેવા સભ્યનું નામ સભ્યોની નામાવલિમાંથી કમી કરવામાં આવશે, અને તે પ્રમાણેનો ઠરાવ વ્યવસ્થાપક સમિતિમાં પસાર થયે તે સભ્ય કમી થયેલ ગણાશે."

( ૩ ) " વર્ષ દરમ્યાન થયેલા નવા સભ્યો તેમજ કમી થયેલા સભ્યોની નોંધ સંસ્થાના તે વર્ષના અહેવાલમાં બહાર પાડવામાં આવશે." **સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૨૦.** "દર વર્ષે સામાન્ય સમિતિની એક સાધારણ સભા બોલાવવામાં આવશે, ......તે વખતે નવા વર્ષ માટેની વ્યવસ્થાપક સમિતિની ચુંટણી માટેના મતપત્રકોનું પરિણામ જાહેર કરવામાં આવશે, અને જો એ રીતિએ ચુંટણી ન થઈ શકે તો તેની નિમણુક સાધારણ સભા કરી શકશે."

અંડરલાઈન કરેલ શબ્દો રદ કરવા અને નીચે મુજબ સુધારો કરવો :—

**" ન થઈ શકી હોય અથવા થયેલી ચુંટણી કોઈ કારણસર રદ થાય તો સાધારણ સભા તે ચુંટણી સામાન્ય સમિતિના સભ્યોમાંથી કરશે."**

છેલ્લું વાકય—" સામાન્ય સમિતિની સભા અન્વેષકની નિમણુંક કરશે અને હોદ્દેદારોની મતપત્રકદ્વારા થયેલી ચુંટણીમાં ફેરફાર જરૂર જણાયે તેજ સભા કરી શકશે "—રદ કરવું. આ સંબંધી ચર્ચા અંતે ઠરાવવામાં આવ્યું કે કલમ ૨૦ નીચે મુજબ સુધારવી :— "દર વર્ષે સામાન્ય સમિતિની એક સાધારણ સભા બોલાવવામાં આવશે......તે વખતે નવા વર્ષ માટેની વ્યવસ્થાપક સમિતિની ચુંટણી માટેના મતપત્રકોનું પરિણામ જાહેર કરવામાં આવશે, અને જો એ રીતિએ ચુંટણી **ન થઈ શકી હોય અથવા થયેલી ચુંટણી કોઈ કારણસર રદ થઈ હોય તો તે માટે જેમ બને તેમ જલ્દીથી અસાધારણ સભા બોલાવવામાં આવશે અને તે સભામાં હાજર રહેલા સભ્યો તે ચુંટણી સામાન્ય સમિતિના સભ્યોમાંથી કરશે."** છેલ્લું વાકય રદ કરવું.

**સુધારેલી કલમ ૨૦ નીચે મુજબ વાંચવી :—**

**' વાર્ષિક સાધારણ સભા.'** " દર વર્ષે સામાન્ય સમિતિની એક સાધારણ સભા બોલાવવામાં આવશે,......તે વખતે નવા વર્ષ માટેની વ્યવસ્થાપક સમિતિની ચુંટણી માટેના મતપત્રકોનું પરિણામ જાહેર કરવામાં આવશે, અને જો એ રીતિએ ચુંટણી ન થઈ શકી હોય અથવા થયેલી ચુંટણી કોઈ કારણસર રદ થઈ હોય તો તે માટે જેમ બને તેમ જલ્દીથી અસાધારણ સભા બોલાવવામાં આવશે અને તે સભામાં હાજર રહેલા સભ્યો તે ચુંટણી સામાન્ય સમિતિના સભ્યોમાંથી કરશે. એ ઉપરાંત અન્વેષકો ( ઓડિટરો )ની નિમણૂક તે સભા કરશે કે જે અન્વેષકો વ્યવસ્થાપક

સમિતિના સભ્ય ન હોવા જોઇએ, એ ઉપરાંત આ સભાના અગાઉથી જાહેર કરેલા કાર્યક્રમમાં મૂકેલું કાર્ય કરી શકશે તે સિવાય બીજું કાર્ય થઈ શકશે નહિ.” **સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૨૬.** ......‘સંસ્થાના સર્વ આશ્રયદાતાઓ ( પેટ્રનો ) પણ વ્યવસ્થાપક સમિતિના હોદ્દાની રૂએ ( એક્સ-ઓફિશીઓ ) સભ્ય ગણાશે.’ આ રદ કરી નીચે મુજબ સુધારવું :—

‘ સંસ્થાના પેટ્રનો કલમ ૧૧ ( ૧ ) પ્રમાણે પેટ્રન ગણાશે ત્યાંસુધી અને ૧૧ ( ૨ ) પ્રમાણેના પેટ્રનો હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્યો ગણાશે.

**સુધારેલી કલમ ૨૬ નીચે મુજબ વાંચવી :—**

........‘ સંસ્થાના પેટ્રનો કલમ ૧૧ ( ૧ ) પ્રમાણે પેટ્રન ગણાશે ત્યાંસુધી અને ૧૧ ( ૨ ) પ્રમાણેના પેટ્રનો હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્યો ગણાશે.’ **સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૨૭.** પેટા કલમ ૪. “ દરેક મતપત્રક સાથે **સામાન્ય સમિતિના સભ્યોની** યાદી તથા સામાન્ય સમિતિની સભાનો કાર્યક્રમ અને ફારેગ થતી વ્યવસ્થાપક સમિતિના સભ્યોની નામાવલિ અને ગત વર્ષની તેમની હાજરીનું પત્રક મૂકવામાં આવશે.”

‘ **સામાન્ય સમિતિના સભ્યો** ’—શબ્દો કાઢી ‘ **ઉમેદવારો** ’ શબ્દ લખવો.

પેટા કલમ ૬. ......“ આ ઉમેદવારને અગર સામાન્ય સમિતિના કોઈપણ સભ્યને મત આપી શકાશે.” આ રદ કરી નીચે મુજબ નવો પેરા ઉમેરવો :—

“ કલમ ૫ અને ૬ પ્રમાણેના ઉમેદવારોને જ મત આપી શકાશે. ” આ સંબંધી ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે પેટા કલમ ૪ અને ૬ જેમ છે તે મુજબ જ કાયમ રાખવી. કાંઈપણ ફેરફાર કરવાની જરૂર નથી. **ઠરાવ સર્વાનુમતે પસાર.**

**કલમ ૨૭ અસલ મુજબ જ કાયમ રાખવામાં આવી.**

**કલમ ૬૮.** “ લોન લેનાર વિદ્યાર્થીઓને સામાન્ય સગવડો ઉપરાંત વિશેષ સગવડ એટલે કોલેજ ફી, પાઠ્યપુસ્તકો, **લેખનસામગ્રી ( સ્ટેશનરી )**, અને પરીક્ષાની ફી આપવામાં આવશે, અને તેમણે દર વર્ષે ( ૧ ) સામાન્ય સગવડ માટે વાર્ષિક રૂપીઆ ૧૭૫) તથા........” ‘ **લેખન સામગ્રી ( સ્ટેશનરી )** ’ શબ્દો કાઢી નાંખવા, અને **રૂપીઆ ૧૭૫)** ને બદલે **રૂપીઆ ૨૨૫)** કરવા.

**સુધારેલી કલમ ૬૮ નીચે મુજબ વાંચવી :—**

“ લોન લેનાર વિદ્યાર્થીઓને સામાન્ય સગવડો ઉપરાંત વિશેષ સગવડ એટલે કોલેજ ફી, પાઠ્યપુસ્તકો અને પરીક્ષાની ફી આપવામાં આવશે અને તેમણે દર વર્ષે ( ૧ ) સામાન્ય સગવડ માટે વાર્ષિક રૂપીઆ ૨૨૫) તથા ( ૨ ) કોલેજ ફી, પરીક્ષાની ફી, પાઠ્યપુસ્તકો અને અન્ય શિક્ષણ-સામગ્રીનો જે ખર્ચ થાય તે રકમ પાછી વાળવાનું કરારનામું કરી આપવું પડશે. બહારગામ અભ્યાસ કરનાર વિદ્યાર્થીને જેટલી રકમ આપવામાં આવશે તેટલી તેણે પાછી વાળવી પડશે.”

આ કલમનો અમલ આ વર્ષની શરૂઆતથી કરવો. **સુધારો સર્વાનુમતે મંજુર.**



**કલમ ૬૯.** “ હાફ પેઈંગ વિદ્યાર્થીઓને......આપવામાં આવશે, અને તેમણે ઉપરની પ્રત્યેક લાઈનને માટે તેને માટે નિર્ણિત કરેલી રકમથી **અરધી** રકમ દર વર્ષે રોકડી આપવી પડશે “ ...... ” ‘ દર વર્ષે ’ ને બદલે “ દરેક **સત્રની શરૂઆતમાં** ” સુધારવું.

**સુધારેલી કલમ ૬૯ નીચે મુજબ વાંચવી :—**

“ હાફ પેઇંગ વિદ્યાર્થીઓને લોન વિદ્યાર્થીઓની માફક વિશેષ સગવડ આપવામાં આવશે, અને તેમણે ઉપરની પ્રત્યેક લાઇનને માટે તેને માટે નિર્ણિત કરેલી રકમથી અરધી રકમ દરેક સત્રની શરૂઆતમાં રોકડી આપવી પડશે અને તેટલી જ રકમ પાછી વાળવાનું કરારનામું કરી આપવું પડશે. ” **સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૭૦.** ‘ **પેઇંગ એ વિદ્યાર્થીઓ** ’ “ પેઈંગ વિદ્યાર્થીઓ...આપવી પડશે.”

આ કલમ નીચે મુજબ સુધારવી :—

“ **પેઇંગ વિદ્યાર્થીઓ** ” “ પેઈંગ વિદ્યાર્થીઓએ સામાન્ય સગવડ માટેનો ખર્ચ કલમ ૬૮ માં જણાવ્યા પ્રમાણે દર સત્રની શરૂઆતમાં આપવો પડશે.”

**સુધારેલી કલમ ૭૦ નીચે મુજબ વાંચવી :—**

**પેઇંગ વિદ્યાર્થીઓ :** “ પેઇંગ વિદ્યાર્થીઓએ સામાન્ય સગવડ માટેનો ખર્ચ કલમ ૬૮ માં જણાવ્યા પ્રમાણે દર સત્રની શરૂઆતમાં આપવો પડશે.” **સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૭૧.** ‘ **પેઇંગ બી વિદ્યાર્થીઓ** ’ “ પેઈંગ બી વિદ્યાર્થીઓને........... લેવામાં આવશે.” આ કલમ રદ કરી નીચે મુજબ નવી કલમ મુકવી.

કલમ ૭૧. ‘ **અન્ય વિદ્યાર્થીઓને લોન.** ’ “ અન્ય વિદ્યાર્થીઓને લોન આપવાની રકમ વ્યવસ્થાપક સમિતિ વખતોવખત ઠરાવે તે પ્રમાણે આપવામાં આવશે.”

**સુધારેલી કલમ ૭૧ નીચે મુજબ વાંચવી :—**

‘ **અન્ય વિદ્યાર્થીઓને લોન.** ’ “ અન્ય વિદ્યાર્થીઓને લોન આપવાની રકમ વ્યવસ્થાપક સમિતિ વખતોવખત ઠરાવે તે પ્રમાણે આપવામાં આવશે.” **સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૭૩.** “ ઉપરના ચાર પ્રકારના વિદ્યાર્થીઓ......કરારનામું કરી આપવું પડશે.” આ કલમમાં રૂા. ૧૭૫) ને બદલે રૂા. ૨૨૫) અને રૂા. ૮૭ાા ને બદલે રૂા. ૧૧૨ાા સુધારવા.

**સુધારેલી કલમ ૭૩ નીચે મુજબ વાંચવી :—**

“ ઉપરના ચાર પ્રકારના વિદ્યાર્થીઓ સિવાય વિદ્યાલયમાં રહીને કોલેજનો અભ્યાસ ન કરતાં સંસ્થામાં કોઈ વિશિષ્ટ યોજના અનુસાર અભ્યાસ જે કરતા હોય અને જેને લોન વિદ્યાર્થી તરીકે લેવામાં આવ્યા હોય તેણે દર વર્ષના રૂા. ૨૨૫) લેખે અને હાફપેઇંગ તરીકે લેવામાં આવ્યા હોય તો રૂા. ૧૧૨ાા લેખે પાછા વાળવાનું કરારનામું કરી આપવું પડશે.” **સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૭૪.** "ડાકટરી લાઇનના વિદ્યાર્થીઓ.........કરી આપવું પડશે." આ કલમ રદ કરી નીચે મુજબ નવી કલમ મુકવી:—

'**ટ્રસ્ટ વિદ્યાર્થીઓ**' "ટ્રસ્ટ વિદ્યાર્થીઓ જે હથિયારો તથા પુસ્તકો લે, તે તેમણે સંસ્થાને પાછાં આપવાં પડશે. પરંતુ જો તેઓ તે રાખવા માંગતા હોય તો તેની કિંમત તેમણે પાછી આપવી પડશે."

**સુધારેલી કલમ ૭૪ નીચે મુજબ વાંચવી :—**

'**ટ્રસ્ટવિદ્યાર્થીઓ.**' "ટ્રસ્ટ વિદ્યાર્થીઓ જે હથિયારો તથા પુસ્તકો લે, તે તેમણે સંસ્થાને પાછાં આપવાં પડશે. પરંતુ જો તેઓ તે રાખવા માંગતા હોય તો તેની કિંમત તેમણે પાછી આપવી પડશે."

**સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૮૩.** લાઈન ત્રીજી—'પેઈંગ **બી**'—'બી' શબ્દ રદ કરવો.

**સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૮૭.** "ધર્મ, દેશ, સમાજ કે વિદ્યાલય માટે મહાન ત્યાગ કરનારના સંબંધમાં અથવા કોઈ ખાસ સંજોગોમાં ઉપરની બાબતમાં અપવાદ કરવાની સત્તા વ્યવસ્થાપક સમિતિને છે." અંડરલાઈન કરેલા શબ્દોને બદલે 'કલમ ૮૬ની **બાબતમાં**' વાંચવું.

**સુધારેલી કલમ ૮૭ નીચે મુજબ વાંચવી :—**

"ધર્મ, દેશ, સમાજ કે વિદ્યાલય માટે મહાન ત્યાગ કરનારના સંબંધમાં અથવા કોઈ ખાસ સંજોગોમાં કલમ ૮૬ની બાબતમાં અપવાદ કરવાની સત્તા વ્યવસ્થાપક સમિતિને છે."

**સુધારો સર્વાનુમતે મંજુર.**

**કલમ ૮૮.** '**પેઈંગ અને લોન વિદ્યાર્થીઓનું પ્રમાણ.**' આ કલમની આખરે નીચે મુજમ ઉમેરવું:—

"આ પ્રમાણુ માટે ટ્રસ્ટ વિદ્યાર્થીઓની ગણતરી કરવામાં આવશે નહિ."

**સુધારેલી કલમ ૮૮ નીચે મુજબ વાંચવી :—**

"વ્યવસ્થાપક સમિતિ પેઈંગ વિદ્યાર્થીઓની સંખ્યા એવી રીતે મુકરર કરશે કે તે વધારેમાં વધારે લોન વિદ્યાર્થીઓ કરતાં એક તૃતીયાંશ ભાગથી વધારે નહિ હોય. એવી ગણતરી કરતાં હાફ પેઈંગ વિદ્યાર્થીની સંખ્યાનો અર્ધો ભાગ પેઈંગ તરીકે અને અર્ધો ભાગ લોન તરીકે ગણવામાં આવશે. આ પ્રમાણ માટે ટ્રસ્ટ વિદ્યાર્થીઓની ગણતરી કરવામાં આવશે નહિ." **સુધારો સર્વાનુમતે મંજુર.**

પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઈ.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**
**ચંદુલાલ સારાભાઈ મોદી**
માનદ મંત્રીઓ

**કકલભાઈ ભુદરદાસ વકીલ**
પ્રમુખ

ॐ सर्वज्ञाय नमः

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## નો

# સત્તાવીસમો વાર્ષિક રિપોર્ટ

(૧ લી જુન ૧૯૪૧ થી ૩૧ મી મે ૧૯૪૨)

વીરાત્ ૨૪૬૭-૬૮ વિક્રમાર્ક ૧૯૯૭-૯૮ ઈસ્વી સન ૧૯૪૧-૪૨

હિસાબી વર્ષ
તા. ૧-૬-૧૯૪૧ થી ૩૧-૫-૧૯૪૨

વ્યવસ્થાપક સમિતિ
તા. ૧૦-૮-૧૯૪૧ થી ૨૬-૯-૧૯૪૨

**સભ્ય બંધુઓ અને બહેનો,**

સંસ્થાની કાર્યવાહીનો સત્તાવીસમા વર્ષનો રિપોર્ટ રજૂ કરતાં અમને આનંદ થાય છે. આ વર્ષે કાગળ અને છપાઈની મોંઘવારીને કારણે જરૂરી હકીકત મુદ્દામ રીતે જ માત્ર રિપોર્ટમાં રજૂ કરવાનું ઠરાવ્યું છે, તેથી રિપોર્ટના મુદ્રણમાં કેટલાંક પરિશિષ્ટો છપાવ્યાં નથી અને હકીકત પણ ખાસ અગત્યની જ છપાવી છે. પાછલાં વર્ષની માફક તૈયાર કરી પ્રકટ થતાં સર્વ પરિશિષ્ટો સંસ્થાના દફતરમાં તૈયાર રાખ્યાં છે અને આપ રિપોર્ટવાંચન વખતે અને ત્યારપછી તે જોઈ શકશો. આ સંકોચ અનિવાર્ય હોઈ જરૂરી ગણવામાં આવ્યો છે તે તરફ આપનું ખાસ ધ્યાન ખેંચવાની રજા લઈએ છીએ.

**શેઠ વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ**

છવીશમા વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યા મુજબ વિદ્યાર્થીગૃહમાં સને ૧૯૪૧-૪૨ ની શરૂઆતમાં ૧૧૬ વિદ્યાર્થીઓ હતા. ફાઈનલ એમ. બી., બી. એસ. માં નિષ્ફળ થનાર એક વિદ્યાર્થીને ફરીથી દાખલ કરવામાં આવ્યો, અને એક વિદ્યાર્થીને બીજા સત્રમાં દાખલ કરવામાં આવ્યો. આ પ્રમાણે રિપોર્ટવાળા વર્ષમાં ૧૧૮ વિદ્યાર્થીઓ સંસ્થામાં હતા, જેમાંના ૧૫ વિદ્યાર્થીઓ બનારસ, પુના અને કરાંચી અભ્યાસ કરતા હતા.

ફાઈનલ એમ. બી., બી. એસ. માં ૬, ફાઈનલ એલ. સી. પી. એસ. માં ૧, બી. કોમ. માં ૮, બી. એસસી. માં ૫, બી. ઈ. માં ૩ અને બનારસ યુનિવર્સિટીની બી. એસસી. (ઇલે. મિકે.) ની પરીક્ષામાં ૨ વિદ્યાર્થીઓ ડીગ્રી લઈ, કુલ ૨૫ વિદ્યાર્થીઓ જુદીજુદી ડીગ્રી મેળવી રિપોર્ટવાળા વર્ષમાં સંસ્થામાંથી મુક્ત થયા. બી. એસસી. ની પરીક્ષામાં એક, ઇન્ટર સાયન્સની પરીક્ષામાં બે, ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષામાં એક, ઇન્ટર કોમર્સની પરીક્ષામાં એક, બી. એ. ની પરીક્ષામાં એક નાપાસ થનાર વિદ્યાર્થીઓને

વ્યવસ્થાપક સમિતિએ છૂટા કર્યા. બે વિદ્યાર્થીઓ બીજી ટર્મની શરૂઆતમાં સ્વેચ્છાએ છૂટા થયા. એક વિદ્યાર્થી એમ. કોમ. થઈ છૂટો થયો. એ રીતે ૩૪ વિદ્યાર્થીઓ વર્ષની આખરે છૂટા થયા અને ૮૪ વિદ્યાર્થીઓ ચાલુ રહ્યા.

## પરીક્ષા

**મેડિકલ :** રિપોર્ટવાળા વર્ષમાં એક વિદ્યાર્થીને પ્રથમ સત્રમાં ફરીવાર દાખલ કરવાથી આ લાઇનમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭ હતી: તે પૈકી ૭ વિદ્યાર્થીઓને પરીક્ષા નહોતી. ૨૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, તેમાં નીચે મુજબ ૧૫ વિદ્યાર્થીઓ સફળ થયા:—

| | પાસ. | નપાસ. | કુલ. |
|---|---|---|---|
| ફાઇનલ એમ. બી., બી. એસ. | ૬ | ૨ | ૮ |
| સેકન્ડ ” | ૩ | ૨ | ૫ |
| પ્રથમ ” | ૪ | ૧ | ૫ |
| ફાઇનલ એલ. સી. પી. એસ. | ૧ | — | ૧ |
| પ્રથમ ” | ૧ | — | ૧ |
| | ૧૫ | ૫ | ૨૦ |

રિપોર્ટવાળા વર્ષમાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓએ એમ. બી., બી. એસ. ની ડીગ્રી મેળવી:—શ્રી. જુગરાજ ધરમચંદ સંઘવી, ભવાનજી રાયશી શાહ, ચીમનલાલ મોહનલાલ પાટડીઆ, શાન્તિલાલ છોટાલાલ શાહ, હઠીચંદ હીરાચંદ શાહ, છોટાલાલ ઉમેદચંદ દલાલ.

શ્રી ગિરધારીસીંગ દેવકરણ ભંડારી એલ.સી.પી.એસ. થયા. ઇન્ટર સાયન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓમાંથી ૮ વિદ્યાર્થીઓને મેડિકલ લાઇનમાં એડમીશન મળ્યું છે. નવીન વર્ષમાં ફર્સ્ટ એમ. બી., બી. એસ. ના ત્રણ અને ફર્સ્ટ અને ફાઇનલ એલ. સી. પી. એસ.ના એક એક વિદ્યાર્થીને દાખલ કરવામાં આવ્યા છે. એટલે નવીન વર્ષમાં ૩૩ વિદ્યાર્થીઓ મેડિકલ લાઇનનો અભ્યાસ કરે છે, જેમાં ૨૪ લોન, ૩ હાફ પેઇંગ, ૧ પેઇંગ, અને ૫ ટ્રસ્ટ વિદ્યાર્થીઓ છે. નવીન વર્ષમાં ફર્સ્ટ એમ. બી., બી. એસ.માં અભ્યાસ કરતા એક બ્હેન (શ્રી તનુમતી રાજાભાઈ શેઠ) ને વાડીલાલ સારાભાઈ ટ્રસ્ટ સ્કોલર તરીકે દાખલ કરવામાં આવ્યાં છે.

**સાયન્સ લાઇન :** છવીશમા રિપોર્ટ મુજબ આ લાઇનમાં ૪૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, તે પૈકી ૧ વિદ્યાર્થી લાઇન બદલી આર્ટસમાં જોડાયો. ૪૦ વિદ્યાર્થીઓને પરીક્ષા હતી, જેમાંથી વિદ્યાર્થી નં. ૫૯૫ માંદગીને કારણે પરીક્ષામાં બેસી શકયો નહિ. ૩૯ વિદ્યાર્થીઓ નીચે મુજબ પરીક્ષામાં બેઠા, તેમાંથી ૩૨ પાસ થયા :

| | પાસ | નપાસ | કુલ |
|---|---|---|---|
| બી. એસસી. (ડીગ્રી) | ૫ | ૧ | ૬ |
| ” —સબસીડિયરી | ૪ | – | ૪ |
| ઇન્ટર સાયન્સ—એ અને બી | ૧૫ | ૫ | ૨૦ |
| ફર્સ્ટ ઇયર સાયન્સ | ૮ | ૧ | ૯ |
| | ૩૨ | ૭ | ૩૯ |



પાંચ વિદ્યાર્થીઓ (શ્રી પ્રભુદાસ મોતીલાલ પટેલ, રસુજીલાલ વાડીલાલ મોદી, મનહરલાલ સોભાગચંદ દોશી, જીવણલાલ સુંદરલાલ ભાવસાર, અને પાનાચંદ ડાહ્યાભાઈ ઝવેરી) બી. એસસી. થયા. બી. એસસી.ની પરીક્ષામાં નપાસ થનાર વિદ્યાર્થી (નં. ૫૮૯) તથા ઇન્ટર સાયન્સની પરીક્ષામાં નપાસ થનાર બે વિદ્યાર્થી (નં. ૬૭૦, ૭૦૮) ને વ્યવસ્થાપક સમિતિએ મુક્ત કર્યા. ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષામાં નપાસ થનાર વિદ્યાર્થી (નં. ૬૮૬) ને છૂટો કર્યો. ઇન્ટર સાયન્સની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થી (નં. ૬૯૪) ને વ્ય. સ. એ ઇન્ટર આર્ટસમાં જવાની મંજુરી આપી. ઇન્ટર સાયન્સ બી ગ્રુપમાં પાસ થનાર ૮ વિદ્યાર્થીઓને મેડિકલ લાઇનમાં એડમીશન મળ્યું, જ્યારે ‘એ’ ગ્રુપમાં પાસ થનાર પૈકી એક વિદ્યાર્થી (નં. ૬૬૩) ને બનારસ એન્જીનિયરિંગ કોલેજમાં એડમીશન મળ્યું. નવા વર્ષમાં આ લાઇનમાં ૨૯ જોડાયા, એટલે આ લાઇનમાં હાલ ૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, તે પૈકી ૩૧ લોન, ૪ પેઇંગ, ૬ હાફ પેઇંગ અને ૯ ટ્રસ્ટ વિદ્યાર્થીઓ છે.

**આર્ટસ લાઇન :** આ લાઇનમાં છવીશમા રિપોર્ટ મુજબ આઠ વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા. એક ઇન્ટર સાયન્સના વિદ્યાર્થીએ લાઇન બદલી ઇન્ટર આર્ટસનો અભ્યાસ ચાલુ રાખ્યો એટલે આ લાઇનમાં ૯ વિદ્યાર્થીઓ હતા, જેમાંથી ૫ વિદ્યાર્થીઓને પરીક્ષા નહોતી. ૩ વિદ્યાર્થીઓ ઇન્ટર આર્ટસની પરીક્ષામાં બેઠા, તે બધા સફળ થયા. બી. એ. ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થી (નં. ૭૧૧) નપાસ થયો તેને વ્યવસ્થાપક સમિતિએ છૂટો કર્યો. એટલે આ લાઇનમાં ૪ વિદ્યાર્થીઓને પરીક્ષા હતી, તેમાંથી ત્રણ પાસ થયા.

નવીન વર્ષમાં બે વિદ્યાર્થીઓ દાખલ થયા અને ઇન્ટર સાયન્સ પાસ થએલ એક વિદ્યાર્થીને ઇન્ટર આર્ટસમાં જવાની પરવાનગી આપવામાં આવી. એટલે નવીન વર્ષમાં ૧૧ વિદ્યાર્થી આ લાઇનમાં અભ્યાસ કરે છે, જેમાં ૭ લોન, ૧ પેઇંગ, ૧ હાફ પેઇંગ, ૨ અને ટ્રસ્ટ વિદ્યાર્થીઓ છે.

**લો લાઇન (નવો કોર્સ) :** રિપોર્ટવાળા વર્ષમાં બે લોન વિદ્યાર્થીઓ ફર્સ્ટ એલ. એલ. બી. માં અભ્યાસ કરતા હતા તેઓ બન્ને સફળ થયા છે, અને હાલ બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

**કોમર્સ લાઇન :** આ લાઇનમાં પ્રથમ સત્રમાં ૨૪ વિદ્યાર્થીઓ હતા, તેમાંથી બે વિદ્યાર્થીઓએ છૂટા થવાની પરવાનગી માગતાં, તેમને છૂટા થવાની રજા આપવામાં આવી. એક વિદ્યાર્થીને બીજા સત્રમાં દાખલ કરવામાં આવ્યો. એટલે બીજા સત્રની શરૂઆતમાં ૨૩ વિદ્યાર્થીઓ હતા, તેમાંથી બે વિદ્યાર્થીઓને પરીક્ષા નહોતી.

| | પાસ | નપાસ | કુલ |
|---|---|---|---|
| બી. કોમ. | ૮ | ૧ | ૯ |
| ઇન્ટર કોમર્સ | ૬ | ૧ | ૭ |
| ફર્સ્ટ ઇયર કોમર્સ | ૪ | — | ૪ |
| એમ. કોમ. | ૧ | — | ૧ |
| | ૧૯ | ૨ | ૨૧ |

એમ. કૉમ. થનાર વિદ્યાર્થી ( નં. ૫૨૧ ) શ્રી કનુભાઈ લલ્લુભાઈ મહેતા સંસ્થાના પેઈંગ વિદ્યાર્થી હતા, અને સંસ્થામાં છ વર્ષ રહી એમ. કૉમ. થનાર પહેલા જ વિદ્યાર્થી છે. રિપોર્ટવાળા વર્ષમાં ૮ વિદ્યાર્થીઓ ( શ્રી જયંતિલાલ કલ્યાણજી તુરખીઆ, જયંતિલાલ અમુલખ દોશી, પ્રભુદાસ છગનલાલ મહેતા, કસ્તુરચંદ પ્રેમચંદ શાહ, બાબુલાલ મણિલાલ પટણી, કાંતિલાલ જગજીવન ચોકસી, રતિલાલ નિહાલચંદ શાહ અને બિપિનચંદ્ર રતીલાલ દલાલ ) બી. કૉમ. થયા. ઇન્ટર કૉમર્સની પરીક્ષામાં નપાસ થનાર એક વિદ્યાર્થી ( નં. ૬૮૨ ) ને વ્ય. સ. એ મુક્ત કર્યો. નવીન વર્ષમાં ૮ વિદ્યાર્થીઓ આ લાઇનમાં જોડાયા, એટલે કુલ આ લાઇનમાં ૨૧ વિદ્યાર્થી અભ્યાસ કરે છે, જેમાં ૧૨ લોન, ૨ હાફ પેઈંગ, ૩ પેઈંગ અને ૪ ટ્રસ્ટ વિદ્યાર્થીઓ છે.

**એન્જીનિયરિંગ :** રિપોર્ટવાળા વર્ષમાં બહાર અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫ હતી, જેમાં ૧૦ બનારસ, ૪ પુના અને ૧ કરાંચીમાં હતા. બધા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળ થયા છે.

**બનારસ :** પ્રથમ વર્ષ ૨, બીજું વર્ષ, ૪, ત્રીજું વર્ષ, ૨, છેલ્લું વર્ષ, ૨. **પુના :** પ્રથમ વર્ષ, ૨, છેલ્લું વર્ષ, ૨. **કરાંચી :** છેલ્લું વર્ષ ૧.

બનારસ અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ( શ્રી. શાંતિલાલ વિરચંદ પટણી અને કાન્તિલાલ મફતલાલ શાહ ) એ બી. એસસી. ( ઇલે. અને મિકે. ) ની ડીગ્રી મેળવી. પુના અને કરાંચી અભ્યાસ કરતા છેલ્લા વર્ષના ત્રણ વિદ્યાર્થીઓ ( શ્રી. વરજીવનદાસ ગિરધરલાલ શાહ, વિનોદચંદ્ર દલપતરામ શાહ અને ચીનુભાઈ નાથાલાલ શાહ ) એ બી. ઈ. ની ડીગ્રી મેળવી, તે પૈકી એક વિદ્યાર્થી—શ્રી. વરજીવનદાસ ગિરધરલાલ શાહે બી. ઈ. ( ઇલેક્ટ્રીકલ તેમ જ મિકેનીકલ ) ની ડીગ્રી મેળવી.

નવીન વર્ષમાં સંસ્થામાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થી ( નં. ૬૬૩ ) ને તથા નવા દાખલ થયેલા એક વિદ્યાર્થી ( નં. ૭૫૬ ) ને બનારસ ઇલેક્ટ્રીકલ એન્ડ મિકેનીકલ એન્જીનિયરિંગ કૉલેજમાં એડમીશન મળેલ છે, એટલે નવીન વર્ષમાં હાલ ૧૨ વિદ્યાર્થી બહારગામ અભ્યાસ કરે છે, જેમાં ૧૦ બનારસ અને ૨ પુના છે.

રિપોર્ટવાળા વર્ષમાં બહારગામ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂા. ૫૬૦૦) ની લોન આપવામાં આવી હતી.

**સમુચ્ચય પરિણામ.**

| | લાઇન | પાસ | નપાસ | પરીક્ષામાં ન બેસનારની સંખ્યા અને કારણ |
|---|---|---|---|---|
| ૨૭ | મેડિકલ | ૧૫ | ૫ | ૭ પરીક્ષા નહોતી. |
| ૨૫ | કૉમર્સ | ૧૯ | ૨ | ૪ " |
| ૯ | આર્ટસ | ૩ | ૧ | ૫ " " |
| ૪૦ | સાયન્સ | ૩૨ | ૭ | ૧ માંદગી |
| ૧૫ | એન્જીનિયરિંગ | ૧૫ | – | – |
| ૨ | લૉ | ૨ | – | – |
| ૧૧૮ | | ૮૬ | ૧૫ | ૧૭ [ ૨૫ ગ્રેજ્યુએટ |



**નવા વિદ્યાર્થીઓ :**

નવા વર્ષમાં જૂના વિદ્યાર્થીઓ પૈકી ૮૪ ચાલુ રહ્યા, અને વ્યવસ્થાપક સમિતિએ ૪૬ અરજીઓ મંજુર કરી, તે પૈકી ૧ વિદ્યાર્થી સકારણ જોડાયો નહિ. કુલ સંખ્યા, લોન, પ્રકાર, ઈત્યાદિ વિગત નીચે મુજબ છેઃ—

| | લોન | પેઈંગ | હાફ પેઈંગ | ટ્રસ્ટ | કુલ |
|---|---|---|---|---|---|
| મેડિકલ | ૨૪ | ૧ | ૩ | ૫ | ૩૩ |
| સાયન્સ | ૩૧ | ૪ | ૬ | ૯ | ૫૦ |
| કૉમર્સ | ૧૨ | ૩ | ૨ | ૪ | ૨૧ |
| આર્ટસ | ૭ | ૧ | ૧ | ૨ | ૧૧ |
| લૉ | ૨ | – | – | – | ૨ |
| એન્જીનિયરિંગ | ૧૨ | – | – | – | ૧૨ |
| | ૮૮ | ૯ | ૧૨ | ૨૦ | ૧૨૯ |

આ સર્વ વિદ્યાર્થીઓની વિગતવાર હકીકત **પરિશિષ્ટ નં. ૧** માં આપવામાં આવેલ છે.

નવીન વર્ષમાં ૧૨૭ અરજીઓ દાખલ થવા માટે આવી હતી, તેમાંથી માત્ર ૪૬ અરજીઓ મંજુર કરી શક્યા છીએ.

## નવીન ટ્રસ્ટ

**દેવકરણ મુળજી રેસીડ્યુ ટ્રસ્ટ :** રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન દેવકરણ મુળજી રેસીડ્યુ ટ્રસ્ટ સ્કૉલર રાખવાનું શરૂ કરવામાં આવ્યું અને નવીન વર્ષમાં ટ્રસ્ટના ધારાધોરણ અનુસાર પાંચ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા છે. તા. ૨૮-૪-૪૨ ના રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિએ આ ટ્રસ્ટ માટે નીચે મુજબ નિયમો ઘડ્યા છેઃ—

૧ શેઠ દેવકરણ મુળજીની ( રેસીડ્યુ ) શેષ મિલ્કત અંગે તેમના એક્ઝીક્યુટરો સાથે થએલી શરત પ્રમાણે પાંચ સ્કૉલર રાખવામાં આવશે, અને તેમને શેઠ દેવકરણ મુળજી રેસીડ્યુ સ્કૉલર એ નામથી ઓળખવામાં આવશે. આ પાંચ સ્કૉલરોને ' શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટ સ્કૉલર'થી અલગ સમજવા.

૨. અરજી કરનારમાં બની શકે તેટલા પ્રમાણમાં કાઠિયાવાડના વિશાશ્રીમાળી જૈન વિદ્યાર્થીને અગ્ર હક્ક આપવામાં આવશે.

૩. ટ્રસ્ટ વિદ્યાર્થીઓને લગતા સર્વ સામાન્ય નિયમો આ સ્કૉલરોને પણ લાગુ પડશે.

૪. આ ટ્રસ્ટ સ્કૉલરોને ટ્રસ્ટ વિદ્યાર્થીઓને લગતા સામાન્ય નિયમોમાં દર્શાવેલ એગ્રિમેંટ ઉપરાંત કોઈ જાતનું એગ્રિમેંટ કરી આપવાનું રહેશે નહિ.

**ટ્રસ્ટને લગતા સર્વ સામાન્ય નિયમો :** તા. ૨૮-૪-૪૨ તથા તા. ૧૬-૮-૪૨ ના રોજ વ્યવસ્થાપક સમિતિએ નક્કી કર્યા છે, તે આ સાથે પરિશિષ્ટ નં. ૨ માં રજૂ કરવામાં આવ્યા છે.

**ટ્રસ્ટ સ્કૉલર :**

જુદા જુદા ટ્રસ્ટની શરતો મુજબ સંસ્થાના ધારાધોરણસર ટ્રસ્ટ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં તેમજ ચાલુ રાખવામાં આવે છે.

શેઠ **ઉત્તમચંદ ત્રિભોવનદાસ અને વલ્લભદાસ ટ્રસ્ટ :** આ ટ્રસ્ટનો લાભ લેતા રિપોર્ટવાળા વર્ષમાં ત્રણ વિદ્યાર્થીઓ હતા :—

ર. નં. ૬૨૭ પ્રભુલાલ જેઠાલાલ પારેખ : પ્રથમ એમ. બી., બી. એસ., પરીક્ષા નહોતી; ચાલુ
,, ૬૫૭ હિમતલાલ લાલજી શાહ : ઇન્ટર આર્ટસ; પરીક્ષામાં પાસ; ચાલુ
,, ૫૭૬ ગિરધારીસીંગ દેવકરણ ભંડારી : ફાઈનલ એલ. સી. પી. એસ., પાસ

રિપોર્ટવાળા વર્ષમાં માંગરોળના કોઈ વિદ્યાર્થીએ અરજી નહિ કરેલ હોવાથી, વિદ્યાર્થી નં. ૫૭૬ ની વ્યવસ્થાપક સમિતિએ ટ્રસ્ટના ધારાધોરણ અનુસાર નિમણૂક કરી હતી. સદર વિદ્યાર્થી ફાઈનલ એલ. સી. પી. એસ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી નવીન વર્ષમાં ખાલી પડેલ જગ્યા વિદ્યાર્થી ( નં. ૭૨૪ ) હીરાલાલ પ્રાણલાલ શાહ ( એફ. વાય. સાયન્સ ) ની નિમણૂક કરી છે.

શેઠ **પાનાચંદ માવજી ટ્રસ્ટ :** રિપોર્ટવાળા વર્ષમાં નીચે મુજબ વિદ્યાર્થીઓ હતા :—

ર. નં. ૬૭૦ જયંતીલાલ કુરજી મહેતા ( ઈ. સાયન્સ ) નપાસ : છૂટા કર્યા.
,, ૭૦૩ મગનલાલ અમુલખ શાહ ( એફ. વાય. કેમ ) પાસ; ચાલુ
,, ૭૧૨ જયંતીલાલ ધારશી વોરા ( એફ. વાય. સાયન્સ ) પાસ; ચાલુ

વિદ્યાર્થી નં. ૬૭૦ પરીક્ષામાં નપાસ થવાથી વ્યવસ્થાપક સમિતિએ ટ્રસ્ટના ધારાધોરણસર છૂટો કર્યો, અને ખાલી પડેલ જગ્યાએ વિદ્યાર્થી ( નં. ૭૫૦ ) દલીચંદ મોતીચંદ વોરા ( ઈન્ટર આર્ટસ ) ને દાખલ કરવામાં આવ્યો.

**શેઠ વાડીલાલ સારાભાઈ ટ્રસ્ટ :** રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન બે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હતા પણ કોલેજમાં એડમીશન નહીં મળી શકવાથી તેઓ જોડાયા નહિ. નવીન વર્ષમાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા છે :—

ર. નં. ૭૨૨ પનાલાલ લાલભાઈ શાહ ( ફર્સ્ટ એમ. બી. બી., એસ. )
,, ૭૫૮ **તનુમતી રાજાભાઈ શેઠ** ( ,, ,, )

તનુમતીબ્હેન શેઠ ગોરધનદાસ સુંદરદાસ મેડિકલ કોલેજની લેડીઝ હોસ્ટેલમાં રહે છે. સંસ્થાના વિદ્યાર્થી તરીકે દાખલ થનાર આ બ્હેન પહેલાં છે.

**શેઠ દેવીદાસ કાનજી ટ્રસ્ટ:** રિપોર્ટવાળા તેમજ નવીન વર્ષમાં કોઈ વિદ્યાર્થીઓ આ ટ્રસ્ટ માટે અરજી કરી નથી.

**મેસર્સ પુરુષોત્તમ સુરચંદ ટ્રસ્ટ:** રિપોર્ટવાળા વર્ષમાં વિદ્યાર્થી ( નં. ૬૫૧ ) કાંતિલાલ જગજીવન ચોકસી, બી. કોમ. ની પરીક્ષા પસાર કરી છૂટા થયા છે. નવીન વર્ષમાં વિદ્યાર્થી ( નં. ૭૨૧ ) શાંતિલાલ જીવરાજ શાહ ( એફ. વાય. સાયન્સ ) ને દાખલ કરવામાં આવ્યા છે.



**શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટ :** રિપોર્ટવાળા વર્ષમાં નીચે મુજબ પાંચ વિદ્યાર્થી હતા :—

ર. નં. ૫૮૯ મુળચંદ નરસીદાસ નારીચણીઆ ( સી. બી. એસસી. ) નપાસ : છૂટાકર્યો
,, ૬૨૨ ઠાકોરલાલ મોહનલાલ શાહ ( જુ. બી. કોમ. ) પરીક્ષા નહોતી. ચાલુ.
,, ૬૨૪ હરીલાલ જગજીવન શાહ ( ,, ) ,, ,,
,, ૬૭૧ ચંદુલાલ નેમચંદ મહેતા ( ઈન્ટર સાયન્સ ) પાસ ,,
,, ૬૯૧ ભોગીલાલ પાનાચંદ વસા ( એફ. વાય. કોમ. ,, ,,

વિદ્યાર્થી નં. ૫૮૯ ની ખાલી પડેલી જગ્યાએ ટ્રસ્ટ અને સંસ્થાના ધારાધોરણ અનુસાર વિદ્યાર્થી ( નં. ૭૩૯ ) જયંતીલાલ કાનજી વોરા ( ઈન્ટર સાયન્સ ) ને દાખલ કરવામાં આવ્યો.

**નાણાવટી ફેમિલી ચેરિટી** ફંડ : રિપોર્ટવાળા વર્ષમાં વિદ્યાર્થી ( નં. ૭૦૪ ) ધરમચંદ તલકચંદ મહેતા એફ. વાય. સાયન્સની પરીક્ષામાં પાસ થયેલ છે, અને ટ્રસ્ટ સ્કોલર તરીકે નવીન વર્ષમાં ચાલુ છે.

**શેઠ દેવકરણ મુળજી રેસીડ્યુ ટ્રસ્ટ :** રિપોર્ટવાળા વર્ષમાં આ ટ્રસ્ટનો સ્વીકાર કરવામાં આવ્યો અને ટ્રસ્ટની શરતો અનુસાર નીચે જણાવેલ પાંચ વિદ્યાર્થીને નવીન વર્ષની શરૂઆતમાં આ ટ્રસ્ટ સ્કોલર તરીકે લેવામાં આવ્યા :—

ર. નં. ૬૫૪ વ્રજલાલ નરસીદાસ બગડીઆ ( ફર્સ્ટ એમ. બી., બી. એસ. )
,, ૬૫૯ રતિલાલ હરખચંદ શાહ ,, ,,
,, ૭૩૫ નવલચંદ ગફલભાઈ શેઠ ( એફ. વાય. સાયન્સ )
,, ૭૪૩ કાળીદાસ તારાચંદ શાહ ,,
,, ૭૫૪ નવીનચંદ જયંતિલાલ શાહ ( જુ. બી. એસસી. )

આ પ્રમાણે રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન કુલ ૧૩ ટ્રસ્ટ વિદ્યાર્થી હતા. નવીન વર્ષમાં ૨૦ ટ્રસ્ટ વિદ્યાર્થી છે.

**ઇનામો, શિષ્યવૃત્તિઓ :** ઇનામો

**શ્રીમતી સરલાદેવી સુવર્ણપદક :** રિપોર્ટવાળા વર્ષનો સુવર્ણપદક મેડિકલ લાઈનમાં સારૂં પરિણામ લાવનારને આપવાનો હોઈ, વ્યવસ્થાપક સમિતિએ શ્રી ભવાનજી રાયશી શાહ ( જે હાલ એમ. બી., બી. એસ. થઈ મુક્ત થએલ છે ) ને આપવાનું ઠરાવ્યું છે.

રિપોર્ટવાળા વર્ષમાં અંગબળનો સુવર્ણપદક રજત મહોત્સવ પ્રસંગે થયેલ રમતગમતના મેળાવડામાં શ્રી ધરમચંદ તલકચંદ મહેતાને આપવાનું ઠરાવવામાં આવ્યું છે:

**શેઠ કેશવજી ગોવિંદજી ટ્રસ્ટ :** ચાલુ સાલ મેટ્રીકની પરીક્ષામાં પાસ થએલ સંસ્થામાં જોડાએલ નવીન વિદ્યાર્થી પૈકી સૌથી વધુ માર્કસ મેળવનાર લોન વિદ્યાર્થી શ્રી હિંમતલાલ દુર્લભજી ટોલીઆને આ સ્કોલરશિપ આપવામાં આવી છે.

**ડૉ૦ નગીનદાસ જે. શાહ સ્મારક પ્રાઈઝ :** તા. ૩-૮-૧૯૩૯ ના વ્યવસ્થાપક સમિતિના ઠરાવ અનુસાર આ ઈનામ શ્રી જયંતિલાલ કલ્યાણજી તુરખીઆ ( જે હાલ બી. કોમ. થઈ મુક્ત થએલ છે ) ને આપવાનું વ્યવસ્થાપક સમિતિએ ઠરાવ્યું છે.

**શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ :** આ ફંડના ધારાધોરણ અનુસાર ચાલુ વર્ષની મુંબઈ યુનિવર્સિટીની મેટ્રીક્યુલેશન પરીક્ષામાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થિનીઓમાં પ્રથમ આવનાર અને ૭૦૦ માંથી ૪૭૮ માર્ક્સ મેળવનાર અમદાવાદના વતની બ્હેન શ્રી જયા લાલભાઈ શેઠ ( એફ. વાય. આર્ટસ, ગુજરાત કોલેજ ) ને આ સ્કોલરશિપ આપવામાં આવી છે.

**ધાર્મિક શિક્ષણ :**

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન ચાર શ્રેણી રાખવામાં આવી હતી અને ૨૯-૬-૧૯૪૧ ના રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિએ નક્કી કરેલ **અભ્યાસક્રમ** રાખવામાં આવ્યો હતો.

**પ્રારંભિક શ્રેણી :** (૧) શ્રી જૈન દર્શન ( શ્રી ન્યાય વિજયજી કૃત ), ( ૨ ) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, વિભાગ બીજો, ( ૩ ) યોગશાસ્ત્ર પ્રકાશ પહેલો.

**પ્રથમ શ્રેણી :** ( ૧ ) તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૧-૨ ( પં. સુખલાલજીના વિવેચનવાળું ), ( ૨ ) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, વિભાગ ત્રીજો, ( ૩ ) યોગશાસ્ત્ર પ્રકાશ બીજો.

**દ્વિતીય શ્રેણી :** ( ૧ ) તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૫-૬-૭, ( ૨ ) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, વિભાગ ત્રીજો, ( ૩ ) યોગશાસ્ત્ર પ્રકાશ ત્રીજો.

**તૃતીય શ્રેણી :** ( ૧ ) તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૮-૯-૧૦, ( ૨ ) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, વિભાગ ચોથો, ( ૩ ) યોગશાસ્ત્ર પ્રકાશ ત્રીજો.

**ચોથી શ્રેણી :** ( ૧ ) અષ્ટક પ્રકરણ ( ઓછામાં ઓછા વીસ ), ( ૨ ) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, વિભાગ ચોથો, ( ૩ ) યોગશાસ્ત્ર પ્રકાશ ચોથો.

નવીન વર્ષ માટે ૧૦-૬-૧૯૪૨ ના રોજ વ્યવસ્થાપક સમિતિએ નીચે મુજબ ફેરફાર કરેલ છે:—

**ચાર શ્રેણી**—પ્રારંભિક, પ્રથમ, તૃતીય અને સંયુક્ત રાખવામાં આવશે. છેલ્લી સંયુક્ત શ્રેણીનો **અભ્યાસક્રમ** નીચે મુજબ રહેશે. બાકીનો **અભ્યાસક્રમ** ઉપર મુજબ રહે છે.

૧. ગુણસ્થાન ક્રમારોહ. ૨. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, વિ. ૫ મો, તેને આધારે. ( ૧ ) શ્રી સોમસુંદરસૂરિ, ( ૨ ) શ્રી મુનિસુંદરસૂરિ, ( ૩ ) શ્રી જિનભદ્રસૂરિ, ( ૪ ) મંડન મંત્રી, ( ૫ ) શ્રી લક્ષ્મીસાગરસૂરિ, ( ૬ ) કર્માશાહ, ( ૭ ) લોંકાશાહ, ( ૮ ) શ્રી આનંદ વિમલસૂરિ, અને ( ૯ ) પં. લાવણ્યસમય.

વાર્ષિક પરીક્ષાના પરીક્ષક તરીકે પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાની નિમણૂક કરવામાં આવી હતી. પરીક્ષકનો રિપોર્ટ આ સાથે **પરિશિષ્ટ ૩ માં** રજૂ કરવા આવેલ છે. પરીક્ષક શ્રી માલવણિયાનો આભાર માનવામાં આવે છે.

| શ્રેણી | બેઠા | પાસ | નપાસ |
|---|---|---|---|
| પ્રારંભિક | ૨૩ | ૨૨ | ૧ |
| દ્વિતીય | ૩૨ | ૩૦ | ૨ |
| તૃતીય | ૧૭ | ૧૭ | – |
| ચતુર્થ | ૨૧ | ૨૦ | ૧ |
| | ૯૩ | ૮૯ | ૪ |



બીજી ટર્મમાં બે વિદ્યાર્થીઓ છૂટા થવાથી, પાંચ વિદ્યાર્થીઓ એમ. બી., બી. એસ., ની પરીક્ષામાંથી પસાર થવાથી અને ત્રણ વિદ્યાર્થીઓ માંદગીના કારણે મળી દશ વિદ્યાર્થીઓ ધાર્મિક પરીક્ષામાં બેઠા ન હોતા.

ઉનાળાની રજામાં વિદ્યાર્થીઓને ધાર્મિક પુસ્તક તરીકે સ્વ. આચાર્ય શ્રીમદ્ વિજય કેસરસૂરીશ્વર સ્મારક ગ્રંથમાળા પુ. ૧ '**સમ્યગ્ દર્શન**' નક્કી કરવામાં આવ્યું હતું. તેની પરીક્ષા તા. ૨૮-૬-૧૯૪૨ ના રોજ રાખવામાં આવી હતી, અને તેના પરીક્ષક તરીકે શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશીની નિમણૂક કરવામાં આવી હતી.

આ પરીક્ષા માટે કુલ રૂા. ૧૫૦) નાં ઇનામો—રૂા. ૩૦, ૨૦, ૧૫, ૧૦ નાં પાંચ અને ૫ નાં સાત—રાખવાનું વ્યવસ્થાપક સમિતિએ ઠરાવ્યું. પરીક્ષક શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી ( સોલિસિટર )નો આભાર માનવામાં આવે છે.

ઇનામ મેળવનાર વિદ્યાર્થીનાં નામ નીચે મુજબ છે:—

| નામ | માર્ક | રૂા. | નામ | માર્ક | રૂા. |
|---|---|---|---|---|---|
| રતીલાલ જગજીવન મહેતા | ૯૧ | ૩૦) | વ્રજલાલ નરસીદાસ બગડીઆ | ૭૨ | ૫) |
| છગનલાલ સોમચંદ શાહ | ૯૦ | ૨૦) | રમણીકલાલ જગજીવન ગાંધી | ૭૨ | ૫) |
| કંચનલાલ માણેકલાલ શાહ | ૮૯ | ૧૫) | હસમુખલાલ ચીમનલાલ કુવાડીઆ | ૬૯ | ૫) |
| મોહનલાલ દોલાજી શાહ | ૮૫ | ૧૦) | રતીલાલ હરખચંદ શાહ | ૬૭ | ૫) |
| હરિલાલ જગજીવન શાહ | ૮૩ | ૧૦) | કાનજી સામંત નિશાર | ૬૬ | ૫) |
| વનેચંદ ગફલભાઈ શેઠ | ૭૭ | ૧૦) | ચંદુલાલ ફુલચંદ શાહ | ૬૬ | ૫) |
| શાંતિલાલ ત્રિભોવનદાસ શાહ | ૭૫ | ૧૦) | વીરચંદ કેશરીચંદ શાહ | ૬૬ | ૫) |
| મણીલાલ વાઘજીભાઈ મહેતા | ૭૩ | ૧૦) | | | |

પરીક્ષામાં ૬૧ વિદ્યાર્થીઓ બેઠા તે પૈકી ૩૩ પાસ થયા છે.

**ધાર્મિક અધ્યાપક :** શ્રી ખુશાલદાસ જગજીવનદાસ ધાર્મિક અધ્યાપક તરીકે કામ કરે છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર મૂળપાઠ અને અનુવાદનું કામ તેમને સોંપવામાં આવેલ છે.

**વિદ્યાર્થીમંડળ :**

વિદ્યાર્થીઓએ સંસ્થાના રજત મહોત્સવના દરેક કાર્યક્રમની સફળતા માટે સારો ફાળો આપ્યો હતો. વિદ્યાર્થીમંડળને વધુ પ્રગતિમય બનાવવા તેના બંધારણમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે.

**પુસ્તકાલય :**

રિપોર્ટવાળા વર્ષમાં રૂા. ૪૭૮-૮-૩ ના નવાં પુસ્તકો ખરીદવામાં આવેલ છે. તે ઉપરાંત થોડાં પુસ્તકો ભેટ મળેલ છે, તેની નોંધ **પરિશિષ્ટ ૭** માં રજૂ છે. હસ્તલેખિત પ્રતો અને બીજાં કિંમતી પુસ્તકો સુરક્ષિત સ્થળે મોકલી આપ્યાંછે. મુંબઈ તેમજ બહારગામ રહેતા જૂના વિદ્યાર્થી તેમજ સામાન્ય સમિતિના સભ્યો આપણી સંસ્થાના પુસ્તકાલયનો લાભ લઈ શકે તે માટે નિયમો ઘડ્યા છે.

વિદ્યાર્થીઓ પુસ્તકાલયનો સારો લાભ લે છે. ગુજરાતી, હિંદી અને અંગ્રેજી માસિકો, પાક્ષિકો, અઠવાડિકો અને દૈનિકપત્રો આવે છે, તેનો વહીવટ વિદ્યાર્થીમંડળ દ્વારા થાય છે.

**શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલરશિપ ફંડ:**

આ ફંડનો લાભ કુલ ૪૨૫ વિદ્યાર્થીઓએ લીધો છે, અને તેમને લોન રૂા. ૫૭,૯૦૨-૬-૯ આપવામાં આવી છે. તે પૈકી ૮૦ વિદ્યાર્થીઓએ તેમની લોન ચુકતે પાછી ભરી દીધી છે. રિપોર્ટવાળા વર્ષમાં કુલ ૬૯ અરજીઓ આવી હતી, તે પૈકી ૩૨ વિદ્યાર્થીઓને લોન મંજુર કરવામાં આવી, અને ૩૪ અરજીઓ ફંડના અભાવે નામંજુર કરવામાં આવી. નવા વર્ષમાં પુરાંત રૂા. ૨,૦૫૮-૧૨-૩ બાકી છે. ૪૫ વિદ્યાર્થીઓએ અરજી કરી તે પૈકી ૨૬ ને લોન રૂા. ૧૬૦૫)ની મંજુર કરવામાં આવી છે.

વિશિષ્ટ સમિતિનો રિપોર્ટ તથા ફંડનો હિસાબ આ સાથે **પરિશિષ્ટ નં. ૪** માં સામેલ છે. વિશિષ્ટ સમિતિનો આભાર માનવામાં આવે છે.

**શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ:**

આ ફંડની શરૂઆતથી એટલે ૧૯૩૨ થી ૧૯૪૨ સુધીમાં આ ફંડનો લાભ ૨૧૪ વિદ્યાર્થીઓએ લીધો છે. તેમને રૂા. ૫૪૫૦૭-૮-૦ લોન આપવામાં આવી છે. રિપોર્ટવાળા વર્ષમાં ૭૩ વિદ્યાર્થીઓને રૂા. ૯૬૯૨-૮-૦ ની લોન આપવામાં આવી, અને ૭૮ અરજીઓ ફંડના અભાવે નામંજુર કરવી પડી હતી. નવા વર્ષમાં પુરાંતમાં રૂા. ૪૯૪૧-૮-૦ બાકી છે. તે પૈકી ૨૯ વિદ્યાર્થીઓને રૂા. ૪૨૬૧) ની લોન મંજુર કરવામાં આવી છે અને ૮૦ અરજીઓ ફંડના અભાવે નામંજુર કરવી પડી છે. વિશિષ્ટ સમિતિનો રિપોર્ટ તથા ફંડનો હિસાબ આ સાથે **પરિશિષ્ટ નં ૫** માં સામેલ છે. વિશિષ્ટ સમિતિનો આભાર માનવામાં આવે છે.

**બન્ને ફંડ અંગે પંચવર્ષીય યોજના:**

**છેલ્લા રિપોર્ટમાં જણાવ્યા મુજબ લાભ લેનાર વિદ્યાર્થીઓ તરફથી સારા પ્રમાણમાં રકમ પાછી વળતાં ઓછામાં ઓછા પાંચ વર્ષ લાગશે, ત્યાંસુધી માધ્યમિક તેમજ ઉચ્ચ અભ્યાસને માટે મદદ આપવાનું કાર્ય ચાલુ રાખવાના ઉપાયો યોજવાની અત્યંત જરૂર છે. આ કાર્ય માટે હાલ તુરત એક પંચવર્ષીય યોજના હાથ ધરવામાં આવી છે, અને તેની શરૂઆત સ્વર્ગસ્થ શેઠ સારાભાઈ મોદીના કુટુંબીઓ તરફથી કરવામાં આવી છે.**

| | | | |
|---|---|---|---|
| રૂા. ૨૫૦૦) | શ્રી ખેમચંદ પ્રેમચંદ મોદી | રૂા. ૫૦૦) | પાંચ વર્ષ સુધી. |
| રૂા. ૨૫૦૦) | ,, બબલચંદ કેશવલાલ મોદી | રૂા. ૫૦૦) | ,, |
| રૂા. ૨૫૦૦) | ,, ચંદુલાલ સારાભાઈ મોદી | રૂા. ૫૦૦) | ,, |

આ યોજના સર્વ સભ્યોને મોકલવામાં આવી છે, તેમજ વર્તમાનપત્રોએ પણ તેને પ્રસિદ્ધ કરી છે. જનતા તરફથી તેને સારો ટેકો મળવાની આશા રાખીએ છીએ.

**લોન રિફંડ:**

વર્ષ દરમ્યાન ડીગ્રી લઈ છૂટા થયેલ ભાઈઓ પાસેથી રૂા. ૧૮,૬૩૧-૬-૬ અને અધુરા અભ્યાસે છૂટા થયેલ ભાઈઓપાસેથી રૂા. ૫૪૮૫-૧૩-૦ તથા ચાલુ વિદ્યાર્થીઓ પાસેથી



રૂા. ૮૧૯) મળી રિફંડ રૂા. ૨૪,૯૩૬-૩-૬ અને ડો. જેઠાલાલ દામાણી પાસેથી રૂા. ૪૦૦) મળી કુલ રિફંડ રૂા. ૨૫,૩૩૬-૩-૬ વસૂલ આવેલ છે. વર્ષ દરમ્યાન ૧૭ ભાઈઓએ તેમની લોન ભરપાઈ કરી છે. છેલ્લા રિપોર્ટમાં જણાવ્યા મુજબ જે ભાઈઓ ઉપર કાયદેસર પગલાં લેવામાં આવ્યાં હતાં, તેમણે વર્ષ દરમ્યાન ભરેલ લોન રિફંડની વિગત નીચે મુજબ છે:—

| | ડીક્રીની રકમ | | લોન રિફંડ |
|---|---|---|---|
| શ્રી કાન્તિલાલ વલ્લભજી શાહ | રૂા. ૧૬૭૪-૨-૦ | તથા વ્યાજ | રૂા. ૫૫૦) |
| ડો. વાડીલાલ દામજી શાહ | રૂા. ૪૬૩૭-૩-૦ | ,, | રૂા. ૮૦૦) |
| શ્રી છોટાલાલ ગિરધરલાલ શાહ | રૂા. ૧૪૫૧-૧૩-૦ | ,, | રૂા. ૯૦) |
| ,, રામજી મંગળજી મહેતા | રૂા. ૩૪૪-૧૦-૦ | ,, | રૂા. ૨૦) |
| ,, શાંતિલાલ ગુલાબચંદ શાહ | રૂા. ૧૨૯૩-૧૦-૦ | ,, | કાંઈ નહિ |
| ડો. પ્રભુદાસ ત્રિભોવનદાસ શાહ | રૂા. ૨૩૩૪-૭-૦ | ,, | ,, |
| શ્રી હરકીસનદાસ પરમાનંદ સાવડીઆ | રૂા. ૧૦૩-૧-૦ | ,, | ,, |

રાજકોટમાં વકીલાત કરતા ભાઇ શ્રી રતિલાલ માણેકલાલ જસાણી ઉપર હાઇકોર્ટમાં દાવો માંડેલ તેના ખર્ચ સાથે રૂા. ૧૫૨૫-૧૧-૦ ની છ ટકાના ચડતા વ્યાજે ડીક્રી થઈ છે. તેમના તરફથી કાંઈપણ રિફંડ હજુસુધી મળ્યું નથી.

જે ભાઇઓ ઉપર કોર્ટની ડીક્રીઓ થઈ છે, તે ભાઇઓએ તેમનું દેવું તાકીદે ભરપાઈ કરી દેવું જોઇએ, નહીંતર ન છુટકે ડીક્રીઓની બજાવણી કરવી પડશે.

સંસ્થાની શરૂઆતથી અત્યારસુધીમાં ૨૪૬ ડીગ્રી લઈ અને ૧૭૧ અધુરા અભ્યાસે મળી કુલ ૪૧૭ લોન વિદ્યાર્થીઓ છૂટા થયા. તે પૈકી ૧૦૬ ભાઇઓએ તેમની લોન ભરપાઇ કરી છે. અવસાન પામેલ ૨૧ ભાઈઓ ઉપર લોન રૂા. ૨૧,૨૯૬-૭-૬ લેણી પડે છે. તે મળી ૩૧૧ ભાઇઓ પાસે રૂા. ૩,૬૧,૭૦૭-૪-૨ લેણા રહે છે. તેમાં ડીગ્રી લઇ છૂટા થયેલા ભાઇઓ પાસે રૂા. ૨,૫૩,૬૪૫-૧૧-૫ તથા અધુરે અભ્યાસે છૂટા થયેલા ભાઇઓ પાસે રૂા. ૧,૦૮,૦૬૧-૮-૯ લેણા છે. લોન રિફંડ સમિતિ નિવેદનમાં જણાવે છે કે "વિદ્યાલયનો લાભ જેમણે લીધો છે, તે સર્વ ભાઇઓને વિનંતિ છે કે તેમણે વિદ્યાલયના કાર્યથી પરિચિત રહેવું; અને બની શકતો વધુને વધુ લાભ કેમ આપી શકે તે તરફ લક્ષ આપી પોતાનું સંસ્થા પ્રત્યેનું રૂણ અદા કરવાનું ચૂકે નહિ."

લોન રિફંડ સમિતિના ઉત્સાહી મંત્રી શ્રી માધવલાલ હીરાલાલ શાહ આ ખાતું ખૂબ જ ચીવટથી સંભાળે છે અને તેના પરિણામે લોન રિફંડ સંસ્થાની આવકનું એક મુખ્ય અંગ થઇ પડેલ છે. લોન રિફંડ સમિતિનું નિવેદન **પરિશિષ્ટ નં. ૬** માં સામેલ છે.

## રજત મહોત્સવની ઊજવણી

નિવેદનવાળા વર્ષમાં સંસ્થાનો રજત મહોત્સવ ઊજવવામાં આવ્યો. સંસ્થાના ઇતિહાસમાં એ અદ્વિતીય પ્રસંગ હોઈ, એની નોંધ સંક્ષેપમાં લેવી ઉચિત ગણવામાં આવી છે. સંસ્થાનું પચીશમું વર્ષ તો મે ૧૯૪૦ ની છેલ્લી તારીખે પૂર્ણ થઈ ગયું અને તે વખતે સને ૧૯૪૦ ની નાતાલમાં આ ઉત્સવ કરવા ઠરાવ કર્યો હતો. પણ તેજ વખતે જૈન

શ્વેતાંબર કૉન્ફરન્સનું અધિવેશન મુકરર થવાને કારણે એ મહોત્સવ મુલતવી રાખવાનો નિર્ણય થયો અને તારીખ એવી પસંદ કરવાની હતી કે જ્યારે બહારગામના સભ્યો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમાં ભાગ લઈ શકે, અને આનંદ પ્રસંગને અનુરૂપ સર્વ વ્યવસ્થા થાય. તેથી અનેક ચર્ચાંને પરિણામે ૧૯૪૧ ની નાતાલમાં આ પ્રસંગ ઊજવવાનો ઠરાવ વ્યવસ્થાપક સમિતિએ કર્યો.

તા. ૩૧-૮-૧૯૪૧ ને રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિએ નીચે પ્રમાણે સમિતિઓ નિમી :—

**સ્મારક અંક સમિતિ :** (૧) શ્રી પ્રસન્નસુખ સુરચંદ્ર બદામી, (૨) શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, (૩) શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ, અને (૪) શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

**ભંડોળ સમિતિ :** (સંસ્થાને અને રજત મહોત્સવને અંગે.) (૧) શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલ, (૨) શ્રી બબલચંદ કેશવલાલ મોદી, (૩) શ્રી સાકરચંદ મોતીલાલ મુળજી, (૪) શ્રી પ્રવીણચંદ હેમચંદ અમરચંદ, (૫) શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, અને બન્ને ચાલુ મંત્રીઓ.

રજત મહોત્સવ ઊજવવા માટે તારીખો, ૨૭-૨૮-૨૯ ડિસેમ્બર ૧૯૪૧ ( શનિ, રવિ, સોમ ) નક્કી કરવામાં આવી. ( સં. ૧૯૯૮ ના પોષ સુદ ૯, ૧૦, ૧૧ ).

તા. ૧૬-૧૦-૧૯૪૧ ને રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિએ નીચે પ્રમાણે વધારે સમિતિઓ મહોત્સવને અંગે નિમી :—

**રમતગમત હરિફાઈ સમિતિ :** (૧) શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી ( આ સમિતિના મંત્રી ); (૨) શ્રી ગિરધરલાલ અમુલખ શેઠ, અને (૩) ડૉ. નગીનદાસ પાનાચંદ શાહ ( બે જૂના વિદ્યાર્થી ); તથા (૪) શ્રી જયંતિલાલ જગજીવન વોરા, અને (૫) શ્રી ગૌહનલાલ દોલાજી શાહ ( બે ચાલુ વિદ્યાર્થીઓ ).

**વક્તૃત્વ હરિફાઈ સમિતિ :** (૧) શ્રી પ્રસન્નસુખ સુરચંદ્ર બદામી; (૨) શ્રી ગૌતમલાલ અમુલખદાસ શાહ, અને (૩) શ્રી મોહનલાલ હીરાચંદ ( બે જૂના વિદ્યાર્થી ); તથા ( બે ચાલુ વિદ્યાર્થી )-(૫) શ્રી હરિલાલ જગજીવન શાહ, અને (૬) શ્રી કનુભાઈ લલ્લુભાઈ મહેતા ( આ સમિતિના મંત્રી ).

**ઉતારા તથા ભોજન સમિતિ :** (૧) શ્રી મણિલાલ મોકમચંદ શાહ, (૨) શ્રી અબાલાલ લલ્લુભાઈ પરીખ ( જૂના વિદ્યાર્થી ), (૩) શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા, ( સુપરિ. આ સમિતિના મંત્રી ).

**રંજન સમિતિ :** (૧) શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, (૨) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, (૩) શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ ( આ સમિતિના મંત્રી ), (૪) શ્રી પ્રભુદાસ મોતીલાલ પટેલ, અને (૫) શ્રી ધરમચંદ તલકચંદ મહેતા ( બે ચાલુ વિદ્યાર્થી ), (૬) શ્રી કાંતિલાલ ભવાનદાસ સંઘવી અને (૭) શ્રી કાંતિલાલ ઉમેદચંદ બરોડીઆ ( બે જૂના વિદ્યાર્થી ).

સામાન્ય મેળાવડો ગોવાળીઆ તળાવના મેદાનમાં મંડપ નાખી કરવાનું ઠરાવવામાં આવ્યું.



ઉપરના ઠરાવો થયા પછી દરેક સમિતિએ પ્રત્યેકને સોંપાયલું કામ શરૂ કરી દીધું. સર્વથી પ્રથમ કાર્ય સ્મારકગ્રંથ સમિતિએ શરૂ કર્યું.

**સ્મારક ગ્રંથ :**

ઘણું વહેલેથી સ્મારક ગ્રંથ તૈયાર કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું. સંસ્થાના સભ્યોને, સુપ્રસિદ્ધ સાહિત્યરસિક લેખકોને, વિદ્યાલયના જૂના નવા વિદ્યાર્થીઓને, મુનિરાજોને અને અન્ય લેખકોને ધાર્મિક, ઔદ્યોગિક, નૈતિક, આર્થિક કે રાજકીય તથા અભ્યાસ વર્ણના સમૃદ્ધ લેખો મોકલી આપવા આમંત્રણ મોકલ્યું. આવાં લગભગ ૩૦૦ આમંત્રણો જુન, જુલાઈમાં મોકલ્યાં, અને સપ્ટેંબરની આખર સુધીમાં લેખો માટે માગણી કરી. પરિણામે સારી સંખ્યામાં લેખો મળ્યા. લેખકોએ આ સંસ્થાની વિજ્ઞપ્તિનો સારો સ્વીકાર કર્યો. ત્યારપછી તુરત જ તે લેખો પર વિચાર નિર્ણય કરવા સ્મારકગ્રંથ સમિતિ બેઠી. તેમણે આવેલા લેખો પૈકી ૫૮ ગુજરાતી ( અંતર્ગત કાવ્યો ) અને ૧૩ અંગ્રેજી લેખોની પસંદગી કરી. આ રીતે ૭૧ લેખોનો સંગ્રહ મુદ્રણ માટે તૈયાર કર્યો.

મુદ્રણની બેવડી મુશ્કેલી હતી. એક તો આવા સ્મારક ગ્રંથને અંગે સુયોગ્ય કાગળો મળવાની ભારે અગવડ હતી અને તેનું મુલ્ય ભારે આકરૂં હતું. બીજું મહોત્સવ પહેલાં માત્ર દોઢ માસમાં આટલા વિશાળ મુદ્રણનું કાર્ય કરી આપે તેવાં મુદ્રણાલયોની અલ્પતા અને લડાઈ ને લઈ ને ભાવની મોંઘવારી પણ મન પર આવતી રહી. અંતે ઘણી તપાસ પછી કાગળ મળ્યા અને કર્ણાટક પ્રેસના મેનેજરે મધ્યમ ભાવે મુદ્રણનું કાર્ય હાથ ધરવા હામ ભીડી.

આની સાથે સંસ્થાની કાર્યવાહીનો ૨૫ વર્ષનો રિપોર્ટ જરૂર છપાવવો ઘટે, એવો મત વ્યવસ્થાપક સમિતિનો થતાં મંત્રીઓએ તે કાર્ય ઉપાડી લીધું. તેને અંગે આંકડાઓની અગત્યની વિગતો તૈયાર કરી અને છેક નવેમ્બરની આખરે સંસ્થાની કાર્યવાહીનો રિપોર્ટ તૈયાર થયો. આ ૯૫ પાનાંનો રિપોર્ટ અને ૫૩ પૃષ્ઠનાં પરિશિષ્ટો પણ સાથે જ છપાવવાના હતા. દરમ્યાન સંસ્થાના પ્રેરક, ઉપદેશક અને આશીર્દાતા પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીનો અંજલિ લેખ પણ ડિસેંબર ૧૯૪૧ ની શરૂઆતમાં આવી પહોંચ્યો.

આ રીતે ૨૩૩ પૃષ્ઠના ગુજરાતી લેખો, ૬૧ પૃષ્ઠના અંગ્રેજી લેખો અને ૧૪૮ પૃષ્ટનું કાર્યવાહીનું નિવેદન અને આમુખાદિના આઠ પૃષ્ટો સાથે મળી કુલ પૃષ્ટ ૪૫૦ નો દળદાર ગ્રંથ તૈયાર થયો. તેમાં શરૂઆતમાં શ્રી મહાવીર સ્વામીનું ભાવવાહી ચિત્ર, નિવેદન સાથે પૂજ્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીની ત્રિરંગી છબી, નિવેદનના અંતર્ભાગમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, પેટ્રનો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, વિદ્યાર્થીઓના બ્લોક મૂક્યા અને ગ્રંથને આકર્ષક બનાવવા માટે તેના મુખપૃષ્ટપર સરસ્વતીદેવી, જ્ઞાન, દર્શન, ચારિત્રના આલેખો અને પચીશ વિજયધ્વજના અંકગણના સાથેનો ઇન્દ્રધ્વજ મૂકી બેવડા પાંચ દીવેટના દીવડા સાથેના ઉપપરિધાન ( જેકેટ ) સાથે ગ્રંથ તૈયાર કરી સંસ્થાના મહોત્સવને દિવસે જનતા પાસે સાદર કર્યો. ગ્રંથ ખૂબ પ્રશંસા પામ્યો. તેની છપામણી, ફોટા ખર્ચ સાથે તેનો રૂા. ૫૩૯૦-૧-૬ નો ખર્ચ થયો. અને તેની પ્રસિદ્ધિ સાથે રજત મહોત્સવનું સ્થાયી તત્વ રજૂ કરી શકાયું. એના પ્રસીદ્ધિકાર્યમાં સુપરિ. શ્રી કાંતિલાલ કોરા, સ્મારક સમિતિ

અને અન્ય અનેક લેખક, વાંચક અને સૂચના કરનારની મોટી હારમાળા છે. સ્થળ સંકોચને લઇ તેની ગણના રજૂ કરવી અશક્ય છે. વ્યવસ્થાપક સમિતિ આ ચીર સ્મારકને અતિ ઉપયોગી માનતા હોઇ, તેની વિગતવાર હકીકત રજૂ કરી. સ્મારક ગ્રંથની એક હજાર નકલ છપાવી તેમાં પચીશ વર્ષીય નિવેદન પણ આવી ગયું. તે ઉપરાંત પચીશ વર્ષના રિપોર્ટની હજાર નકલ છપાવી. સદર રિપોર્ટ સર્વ સભ્યો, જૂના તથા ચાલુ વિદ્યાર્થીઓને ભેટ આપ્યો.

દરમ્યાન સર્વ સમિતિઓએ પોતપોતાને સોંપાયલું કાર્ય પાર પાડવાનું શરૂ કરી દીધું હતું. સંસ્થાના ગોવાળીઆ ટેંક રોડ પરના મકાનને ધ્વજાપતાકાથી શણગારવામાં આવ્યું હતું અને સંસ્થાના મકાન સામે ગોવાળીઆ ટેંકના મેદાન પર અત્યંત સુશોભિત મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાં વીજળીની લાઇટની પણ સગવડ રાખવામાં આવી હતી અને ૨૫૦૦ ખુરશી તથા વ્યાસપીઠની રચના કરવામાં આવી હતી. મધ્ય સ્થાને મહાત્મા ગાંધીજી અને પૂજ્ય વિજયવલ્લભસૂરીજીના તૈલચિત્રો મૂકવામાં આવ્યા હતા અને આવી રીતે મંડપની તૈયારીની સાથેજ ભોજન, ઉતારા, મેળાવડા વિગેરેની તૈયારીઓ ચાલી રહી હતી. સેંકડો આમંત્રણો મોકલવામાં આવ્યા હતા અને તેને પરિણામે સારી સંખ્યામાં જૂના વિદ્યાર્થી તથા અન્ય ગૃહસ્થો બહારગામથી ભાગ લેવા માટે આવ્યા હતા.

રજત મહોત્સવને અંગે ૧૧ કાર્યક્રમો ( પ્રોગ્રામ ) થયા. દરેક આકર્ષક હતા. એનું વર્ણન લખતાં તો પાનાં ભરાય, પણ એની ટૂંકી રૂપરેખા અત્રે રજૂ કરી છે, જેથી થયેલ કાર્યક્રમનો ઇતિહાસ જળવાઈ રહે. દરેક કાર્યક્રમમાં ભિન્ન ભિન્ન પ્રમુખોની ગોઠવણ બની શકી હતી અને તેને લઈને આખો પ્રસંગ વૈવિધ્યથી અંકિત થઈ શક્યો હતો. દરેક પ્રસંગે જનતા સારી સંખ્યામાં હાજર રહી હતી અને વિદ્યાલય તરફની અભિરૂચી બતાવી રહી હતી.

પ્રાસંગિક વિવેચન કરવા પહેલાં ૧૧ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ રજૂ કર્યો છે, અને તેમાં સાથે પ્રસંગોપાત આનુષંગિક હકીકત જણાવી દેવામાં આવી છે.

**૧. કોન્સર્ટ.**

તા. ૨૭ શનિવાર પ્રભાતે રોયલ ઓપેરા હાઉસ નાટકશાળામાં સંસ્થાના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ કોન્સર્ટનો કાર્યક્રમ રજૂ કરવાનું માન રંજન સમિતિએ લીધું હતું. આ કાર્યમાં બહારના કળાકારો અને બ્હેનોની સહાય પણ લેવામાં આવી હતી. શ્રીયુત રામનારાયણ પાઠક ( દ્વિરેફ ) ની **'કુલાંગાર'** કૃતિને અને તેમની જ **'જક્ષણી'** નવલિકાને સંભાષણના ધોરણે રજૂ કરવામાં આવ્યાં હતાં. આ બન્ને દશ્યો ખૂબ પ્રશંસા પામ્યાં હતાં. તે ઉપરાંત બ્હેન અનસુયા શ્રોફ અને તેમની પાર્ટી તેમજ મહિલા સમાજની બ્હેનો તરફથી રજૂ થયેલા રાસ અને ગરબા અત્યંત આકર્ષક થયા હતા. સમૂહવાદને સારૂં ધ્યાન ખેંચ્યું હતું. નૃત્ય અને સંયુક્ત રાસે રસરેલ કરી મૂકી હતી. **'નવાબની કચેરી'** કાંઈ નવીન ધોરણેજ થઈ હતી, અને **કીરકીટ નૃત્યે** શ્રોતાવર્ગને હલાવી મૂક્યો હતો. આખો પ્રસંગ બહુ સુંદર થયો અને જનતાએ સારી સંખ્યામાં હાજરી આપી જે જિજ્ઞાસા ધારી હતી તેને પૂર્ણ ન્યાય મળ્યો હતો. આખા પ્રસંગમાં સર્વ બંધુઓ અને બ્હેનો રસની રેલમછેલમાં રચ્યાપચ્યા રહ્યા હતા અને નૂતનતા સાથે ભવ્યતાનો ખ્યાલ કરી રહ્યા



હતા. ત્રણ કલાકને અંતે, 'વંદે માતરમ્' ગવાવાનું શરૂ થયું ત્યારે, કોઇના મુખ પર શ્રમ જણાયો નહોતો. અને આનંદ મંગળના ઉચ્ચ ધ્વનિ સાથે બાર ઉપર ત્રીસ મીનિટે કોન્સર્ટનું કાર્ય પૂરૂં થયું હતું. એ કોન્સર્ટથી સંસ્થાને ત્રણ હજાર રૂપીઆની પ્રાપ્તિ થઈ. શ્રીયુત ચંદુલાલભાઈ તથા ગણપતભાઈ શાહ ( રણજીત ફીલ્મ કંપની ) એ રોયલ ઓપેરા હાઉસ વગર બદલે મેળવી આપ્યું તે માટે તેમનો આભાર જાહેર મેળાવડામાં માનવામાં આવ્યો હતો. 'રસ દર્શન'ની પુસ્તિકા આ પ્રસંગે પ્રકટ કરવામાં આવી હતી. આ કાર્યને હાર પાડવાનું કાર્ય રંજન સમિતિએ કર્યું હતું અને તેમનો કાર્યવિભાગ તેમણે સુંદર રીતે હાર પાડ્યો હતો.

**૨. ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન.**

તા. ૨૭ શનિવારે બપોરના જૂના વિદ્યાર્થી સંઘ ( ઓલ્ડ બોયઝ યુનીયન ) નો કાર્યક્રમ મહોત્સવના મંડપમાં રાખવામાં આવ્યો હતો. જૂના વિદ્યાર્થીઓએ સંસ્થાના અનેક લાભોનું યશોગાન કર્યું. પ્રમુખસ્થાને સંસ્થાના પ્રથમ ગ્રેજ્યુએટ **શ્રી રમણીકલાલ મોદી** વિરાજ્યા, અનેક સુભાષિતો થયાં, અને સંસ્થાનું સમાજમાં શું સ્થાન છે એનો ખ્યાલ કરાવે તેવો ભવ્ય પ્રબંધ થયો. તે હકીકત આ પ્રમાણે બની : દરેક વિદ્યાર્થી ઊઠી પોતાનું નામ, કઈ સાલમાં ગ્રેજ્યુએટ થયા, સંસ્થામાં પોતે કેટલાં વર્ષ રહ્યા તે જણાવે, અને હાલ પોતે શું કરે છે તેનો સંક્ષેપમાં ખ્યાલ આપે. આમાં અનેક સ્થાનો, અનેક લાઇનો, અનેક વ્યાપારો અને સ્થિતિની વિવિધતાનો ખ્યાલ કરતાં સંસ્થા કેટલે સુધી અને કેટલા ઊંડાણમાં પેસી ગઈ છે તેનો સારો ખ્યાલ આવ્યો. પ્રમુખશ્રીએ ઘણું સુંદર વિવેચન કર્યું. અને અલ્પાહાર થતાં જાણે આખો મંડપ ભ્રાતૃભાવથી ગાજી ઊઠતો હોય તેવો ચમત્કાર દેખાયો. વિદ્યાલયની સફળતાના તરંગોના ઉછાળા તે વખતે નજરે દેખાયા અને સામાજિક ઉન્નતિમાં સારો ફાળો સંસ્થાએ આપ્યો છે એનો સાક્ષાત્કાર થયો. આ વિરલ પ્રસંગ માત્ર વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને જૂના વિદ્યાર્થીઓએ જ જોયો. આખો વખત એમ લાગતું હતું કે જનતા માટે આ મેળાવડો ઉઘાડો રાખવાની જરૂર હતી. આ દ્વિતીય કાર્યક્રમ અદ્વિતીય નીવડ્યો.

**૩. વક્તૃત્વ સ્પર્ધા.**

તા. ૨૭ શનિવારે રાત્રે **ત્રીજો કાર્યક્રમ** ચાલ્યો. આમાં સંસ્થાના વિદ્યાર્થીઓની વક્તૃત્વની હરિફાઈ કરવાની હતી. ત્રણ ઇનામો અંગ્રેજી વક્તૃત્વ માટે અને ત્રણ ગુજરાતી વક્તૃત્વ માટે મુકરર કરવામાં આવ્યા હતા. રૂા. ૨૫-૧૫-૧૦ કુલ રૂા. ૧૦૦). પ્રથમથી ગોઠવણ કરી વિદ્યાર્થીઓની આંતર હરિફાઈમાંથી બન્ને વિભાગ માટે આઠ આઠ વિદ્યાર્થીઓની પસંદગી બહારના પ્રોફેસરદ્વારા કરવામાં આવી હતી. મેળાવડાનું પ્રમુખસ્થાન **દિવાન બહાદુર સર હરીલાલ ગોસળીઆએ** ( એમ. એ., એલએલ. બી., દિવાન-કોટા સ્ટેટ ) લીધું હતું. મંડપમાં હાજરી સારી થઈ હતી.

**અંગ્રેજી વક્તૃત્વ હરિફાઈના ન્યાયાધિશો :** પ્રો. કે. આર. મ્હેતા, પ્રો. આર. એન. વેલીનકર, અને શ્રી એચ. એચ. દલાલ, બેરિસ્ટર.

**ગુજરાતી વક્તૃત્વ હરિફાઈના ન્યાયાધિશો :** શ્રી શામળદાસ ગાંધી ( તંત્રી, વંદેમાતરમ્ ), શ્રી જ્યોતીંદ્ર દવે અને શ્રી ધનસુખલાલ મહેતા.

**અંગ્રેજીના** આઠે વિષયો વિદ્યાર્થીઓની પસંદગીના હતા. તેમણે બહુ સારા વિવેચનો કર્યાં. એમાં ન્યાયાધિશોના મતે શ્રી **બાપુલાલ વાડીલાલ શાહને** પ્રથમ ઇનામ મળ્યું, બીજું ઇનામ શ્રી **વૃજલાલ નરસીદાસ બગડીઆને** મળ્યું, અને ત્રીજું ઇનામ શ્રી **શાંતિલાલ ત્રીભોવનદાસ શાહને** મળ્યું. આ હરિફાઈ એક કલાક ચાલી.

**ગુજરાતી** હરિફાઈ શિઘ્ર વક્તૃત્વની હતી. પરીક્ષકોએ આઠ વિષયનાં નામ લખી પ્રમુખશ્રીને આપ્યાં. વિદ્યાર્થીનું નામ પોકારાય, તે વ્યાસપીઠ પર આવે, વિષયનું નામ અપાય અને તેણે તુર્ત બોલવાનું શરૂ કરવાનું. વિષયનાં નામ અને વક્તાઓ જાણવા જેવા છે:—

| | | | |
|---|---|---|---|
| શ્રી વ્રજલાલ બગડીઆ | – તમે કેવી સ્ત્રી પસંદ કરશો? | શ્રી મણીલાલ શાહ | – આપણું સાહિત્ય |
| ,, પ્રભુદાસ પટેલ | – આધુનિક કેળવણી | ,, બાબુલાલ પટણી | – સરમુખત્યારીના ફાયદા |
| ,, કાંતિલાલ સંઘવી | – આપણી રંગભૂમિ | ,, મહાવીર મહેતા | – આજનો યંત્રવાદ |
| ,, રતિલાલ મહેતા | – ધંધાની પસંદગી | ,, ધરમચંદ મહેતા | – આપણા વક્તાઓ. |

દરેક વક્તા શિઘ્રતાથી સારૂં બોલ્યા. પ્રથમ ઈનામ **શ્રી કાંતિલાલ ભવાનદાસ સંઘવીને** ભાગે ગયું, બીજું **શ્રી ધરમચંદ તલકચંદ મહેતાને** અને ત્રીજું **શ્રી બાબુલાલ મણીલાલ પટણીને** મળ્યું.

પ્રમુખશ્રીએ સંસ્થાની ઉપયોગિતા, લોન સિસ્ટમના ફાયદા અને વક્તૃત્વની વિશિષ્ટતા પર ઉપયોગી વિવેચન કર્યું, અને ઈનામની વહેંચણી સાથે આ ત્રીજો સમારંભ પૂર્ણ થયો. આ સમારંભમાં વિશિષ્ટ તત્ત્વ વિદ્યાર્થીઓની મોજ અને શિઘ્રતા હતા. ટુંકા વખતમાં મુદ્દાસરનું બોલવાની આવડત સારી દેખાણી અને છેવટના ભાગમાં પરીક્ષકોએ બહુ સારો બોધ આપ્યો. અને શ્રી જ્યોતીન્દ્ર દવેએ સર્વેને પેટ ભરીને હસાવ્યા. પ્રમુખશ્રી ગોસળીઆએ આવી સંસ્થાની ઉપયોગિતા પર અને જરૂરીઆતપર વિચારપૂર્ણ વિવેચન કર્યું હતું, અને બહેનો માટે આવી સંસ્થાની જરૂરીયાત ઉપર ખાસ ભાર મુકયો હતો. મોડી રાત્રે મેળાવડો વિસર્જન થયો હતો. આ રીતે આ ત્રીજો કાર્યક્રમ પણ પ્રથમ દિવસે સારી હાજરીમાં પૂર્ણ થયો.

### ૪. વ્યાયામ પ્રયોગો.

બીજે દિવસે ( તા. ૨૮ રવિવાર ) સંસ્થાની સામેના ગોવાળીઆ તળાવના મેદાનમાં વ્યાયામ પ્રયોગો થયા. લગભગ ૨૭ બાબતો( આઈટેમો )માંથી માઇલ રેસ અને તેવી લંબાણ બાબતો અગાઉથી પતાવી દેવામાં આવી હતી. આખું મેદાન હર્ષના નાદથી ગાજી રહ્યું હતું. બાર પ્રયોગો તે પ્રભાતે કરવામાં આવ્યા. ત્રણેક પ્રયોગમાં સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના સભ્યો પણ ઉતર્યા. પાછે પગે દોડવાની, દોરડાં ખેંચવાની અને ગધેડાને પુછડી દોરવાની શરતમાં તેમણે ભાગ લીધો, અને દોરડા ખેંચવામાં તેઓ બે વાર જીત્યા. આ રીતે યુવાનોની સામે વડીલો જીતે એ રમુજી વાત બની, અને તેથી સર્વેને ખૂબ આનંદ થયો. આખા ત્રણ કલાકના કાર્યક્રમમાં આનંદ અને હસાહસનું વાતાવરણ જામી ગયું હતું.

ઈનામના પ્રયોગનાં કાર્યક્રમનું પ્રમુખસ્થાન **શ્રીયુત મકનજી જુઠાભાઈ મહેતા,** બેરિસ્ટરને આપવામાં આવ્યું હતું, અને તેમણે પ્રસંગને અનુરૂપ બહુ મનનીય ભાષણ કરતાં વ્યાયામની મહત્તા સમજાવી અને સાદી ભાષામાં સુંદર વિવેચન કરી કસરતની વધારે ખીલવણી કરવા આગ્રહ કર્યો. **શ્રીમતી ગુલાબબ્હેન મકનજી મહેતાએ** સેંકડો ઇનામો વહેંચી આપ્યાં, અને સર્વેને ખૂબ આનંદ કરાવ્યો. તેમણે પણ મુદ્દાસરનું નાનું ભાષણ કર્યું અને લગભગ બાર વાગે આ ચોથો કાર્યક્રમ ખૂબ આનંદથી પૂર્ણ થયો. ઈનામમાં કપ્સ લગભગ દોઢસો રૂપીઆની કિંમતના અને અતિ સુશોભિત હતા. આ કાર્યક્રમ મંડપની સામેના ભાગમાં ગોવાળીઆ મેદાનમાં થયો. કાર્યક્રમ ભવ્ય અને પ્રેરક નીવડ્યો.

### ૫. મહોત્સવનો મેળાવડો.

રવિવારે બપોરે ત્રણ વાગે મંડપમાં મોટો મેળાવડો **સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના** ( જેઓ તા. ૨૦-૧૨-૧૯૪૧ સુધી રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીઆના ડે. ગવર્નર હતા ) પ્રમુખપણા નીચે થયો. મંડપ ભાઈઓ અને બહેનોથી ચીકાર થઈ ગયો હતો. નાદુરસ્ત તબિયત હોવા છતાં



પ્રમુખશ્રી વખતસર હાજર થયા હતા. મેળાવડામાં મુંબઈના મેયરસાહેબ ડૉ. કોલેસો, શેઠ ચુનીલાલ ભાઈચંદ મહેતા, ડૉ. પુનશી મૈશરી, શ્રી એસ. કે. પાટીલ, શ્રી નગીનદાસ માસ્તર, ડૉ. જેઠાલાલ વોરા અને તે ઉપરાંત અનેક જૈન અને જૈનેતર આગેવાનો મોટી સંખ્યામાં વ્યાસપીઠને શોભાવી રહ્યા હતા અને સર્વના મુખપર શાંતિ છવાઈ રહી હતી.

માંગરોળ સભાની કન્યાઓએ સ્વાગતગીત ગાયું. **શ્રી કુસુમબેન શાહે** 'જન ગણ મન અધિનાયક જય હો' નું સ્વાગત કર્યું, અને સંસ્થાના ખજાનચી **શ્રી કકલભાઈ વકીલે** પ્રમુખશ્રીનો પરિચય કરાવ્યો. શેઠ રણછોડભાઈ રાયચંદે વિશેષ પરિચય કરાવ્યો.

સંસ્થાના મંત્રી **શ્રી ચંદુલાલ સારાભાઈ મોદીએ** શુભેચ્છાના સંદેશાઓ વાંચી સંભળાવ્યા. તેમાં **આચાર્ય વિજયવલ્લભસૂરીજીનો** નીચે મુજબનો સંદેશો ખાસ ધ્યાન ખેંચી રહ્યો હતો:—

Wish Jubilee Celebrations Success. Raise Vidyalaya Jain University Community's greatest need. Dharmalabh. —**Vallabhsoori**

સેંકડો સંદેશાનો નિર્દેશ થયા પછી સંસ્થામાં ૮ નવા પેટ્રન થયા, ૫૭ સભ્યો આ માંગલિક પ્રસંગે થયા અને તે રીતે સંસ્થાને લગભગ એક લાખ ઉપરની આવક થઈ, તે હકીકત તેમણે જણાવી.

મંત્રી શ્રી **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ** પચીશ વર્ષની સંસ્થાની કારકીર્દીની રૂપરેખા દર્શાવી. તેમણે જણાવ્યું કે "કોઈ પણ સંસ્થાને રજત મહોત્સવ ઊજવવાનો પ્રસંગ ખૂબ ગૌરવનું કારણ હોય છે. આ સંસ્થાને એવી તક મળી તે માટે તે પરમાત્માની કૃપા સમજી પોતાને ધન્યવતી માને છે."

"સને ૧૯૧૫ ના જુન માસમાં આ સંસ્થાની સ્થાપના થઈ. તારાબાગ-લવલેન-ભાયખલામાં એની સ્થાપના કરી તે વખતે ૧૫ વિદ્યાર્થીઓ હતા. સ્થાપવામાં પ્રેરણા મુનિમહારાજ **શ્રી વલ્લભવિજયજી** (ત્યારપછી **શ્રીમદ્વિજયવલ્લભસૂરીજી**)ની હતી. સંસ્થાની શરૂઆત કરી ત્યારે તેઓશ્રી વિહાર કરી ગયા હતા.

"ત્યારપછી સંસ્થાને તે જ વર્ષમાં વાંડેકર બિલ્ડીંગ, લેમીંગ્ટન રોડપર લઈ આવ્યા, ત્યાં લગભગ પાંચ વર્ષ રહી, છઠ્ઠે વર્ષે સંસ્થા માટે મકાન ખરીદ્યાં. ગોવાળીઆ ટેંક રોડ પર બે લાખ ખરચી વિદ્યાલય ભવન બાંધ્યું. મકાનો ખાતે લગભગ ચાર લાખનો ખર્ચ થયો.

સંસ્થાનો લાભ ૫૧૧ વિદ્યાર્થીઓએ લીધો છે. તેમાંથી ૨૪૯ ગ્રેજ્યુએટ થયા છે.

સંસ્થાને રૂા. ૧,૫૧,૬૬૪-૨-૯ ના ટ્રસ્ટો મળ્યાં.

સંસ્થાએ રૂા. ૭,૮૫,૭૬૪-૧૫-૨ નો ખર્ચ કર્યો.

સંસ્થાને રૂા. ૮,૯૫,૦૧૮-૧૧-૮ ની મદદ મળી.

સંસ્થાએ રૂા. ૫,૦૩,૨૬૪—૯-૬ વ્યાજ ભાડું અને રિફંડ વિ. ના. મેળવ્યા.

સંસ્થાની લોન રિફંડની ફતેહ

લેણા રૂા. ૫,૩૬,૯૨૫-૮-૫ વસુલ રૂા. ૧,૩૩,૦૯૦-૧૪-૩

( પચીશમા વર્ષની આખરે ) બાકી રૂા. ૪,૦૩,૮૩૪-૧૦-૨

સાહિત્ય ક્ષેત્રે આ સંસ્થા તરફથી **શ્રી હેમચંદ્રાચાર્યકૃત કાવ્યાનુશાસન, યોગશાસ્ત્ર, શ્રી હરિભદ્રસૂરિના અષ્ટક** પ્રગટ કરવામાં આવ્યા છે અને **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** પ્રગટ કરવાની તૈયારી ચાલી રહી છે.

માધ્યમિક શિક્ષણમાં મદદ કરવા માટે નીચેનાં ફંડો છે.

**શ્રી. સારાભાઈ મોદી લોન ફંડ. શ્રી. સારાભાઈ મોદી ઉચ્ચ શિક્ષણ લોન ટ્રસ્ટ ફંડ.**

**ટ્રસ્ટોની વિગત નીચે મુજબ છે :**

| | | | |
|---|---|---|---|
| શેઠ વાડીલાલ સારાભાઇ | રૂા. ૧,૦૦૦૦૦ુ | શેઠ દેવીદાસ કાનજી ટ્રસ્ટ | રૂા. ૧૦,૬૩૦ુ |
| ,, દેવકરણ મુળજી ટ્રસ્ટ | ,, ૫૦,૦૦૦ુ | ,, દામોદરદાસ ભીમજી ટ્રસ્ટ | ,, ૧૦,૦૦૦ુ |
| ,, પાનાચંદ માવજી ,, | ,, ૨૨,૫૦૦ુ | ,, પુરૂષોત્તમ સુરચંદ ,, | ,, ૭,૫૦૦ુ |
| ,, ઉત્તમચંદ ત્રીભોવનદાસ અને વલ્લભદાસ ટ્રસ્ટ | ,, ૨૨,૦૦૦ુ | | |

આ સંસ્થાને ધનવાન ગણવાની કેટલાક ભૂલ કરે છે. આ સંસ્થા ઉલટી દેવાદાર છે. આ સંસ્થાએ દેવકરણ મેન્શનનું વેચાણ લેવા દેવું કર્યું છે. આ સંસ્થાને દરવર્ષે ખોટ આવે છે. તેથી બનતી આર્થિક સહાયની આ સંસ્થા હમેશાં અપેક્ષા રાખે છે. આ સંસ્થાને અજોડ કહેવી એ અનુચિત છે. એને હજુ વિશ્વવિદ્યાલયના કોડ છે. સ્ત્રીઓ, બ્હેનો માટે બહુ કરવાની ભાવના છે. સાહિત્ય ક્ષેત્રમાં ગુજરાતી રાસો અને યુનિવર્સિટી યોગ્ય સાહિત્ય પ્રગટ કરવું છે. સંસ્કૃત અને અર્ધમાગધીનો વિકાસ કરવો છે આ બધું થાય ત્યારે આ સંસ્થા અજોડ કહેવાય.

"જૈન કોમે આ સંસ્થાને ખૂબ અપનાવી છે. ૨૫ વર્ષમાં એણે લવાજમ, ચાલુ, પરચુરણ અને ટ્રસ્ટ ખાતામાં થઇ રૂા. ૯,૪૬,૬૮૨-૧૩-૧૦ આપ્યા અને હજુ હજારોનાં વચનો ઊભાં છે. મહાવીરના નામે જ્યાં જઇએ ત્યાંથી મળે છે પણ મળે છે એમ એના કોડ વધતા જાય છે. આભાર તો કેટલાનો માનીએ ? પાર નથી ! પણ થોડાં નામો લેવાં ઘટે.

"**પ્રેરક શ્રી વિજયવલ્લભસૂરિ, કાર્યવાહક શેઠ દેવકરણ મુળજી, શેઠ મોતીલાલ મુળજી, શેઠ ગોવિંદજી ખુશાલભાઇ, શેઠ હીરાલાલ બકોરદાસ, શેઠ હેમચંદ અમરચંદ, શેઠ નરોત્તમદાસ ભાણજી કાપડીઆ, ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી, શેઠ સારાભાઈ મગનભાઈ મોદી** વગેરે. બાકી તો આપ્યું છે અને આપશો. વહીવટમાં ભૂલ થઈ હોય તો ક્ષમા કરશો. ભૂલ વગર તો વિતરાગ હોઈ શકે.

"એક વાતની સ્પષ્ટતા કરવાની છે. જૈન ધર્મ અનેકાંતવાદી છે. એનો આશય ખૂબ વિચારણા માગે છે. વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય કરતા આવડે એ જૈન. નિશ્ચયવાદી થઈ જાય એ અજૈન. સમાજ ચલાવવો છે, હજારો મંદિરોને જાળવવા છે, અનેક શાસ્ત્રગ્રંથોના ઉદ્ધાર કરવા છે, અહિંસાના સંદેશા જગતને પહોંચાડવાં છે, જગતની મુંઝવણ non-violence દ્વારા દૂર કરવી છે, સમાજમાં કોઈ લાંબો હાથ કરી ભીખ ન માગે એમ કરવું છે, વ્યાપાર વધારવો છે અને જુના અને નવાનો મેળ સાધવો છે. આ કાર્ય કેળવણી સિવાય શક્ય નથી. ખૂબ ચર્ચાને પરિણામે નિર્ણય થયો છે કે ધાર્મિક કેળવણી પણ વિજ્ઞાનની વર્તમાન કેળવણી વગર લગભગ નિરૂપયોગી થઈ જાય છે. ધર્મ નવયુગને મર્યાદામાં રાખી શકશે અને ધર્મની કેળવણી વૈજ્ઞાનિક પદ્ધતિએ અપાય તો જ કારગત નીવડશે.

"વચ્ચેના અંધકાર યુગનાં ઘણાં સૂત્રો હવે કામ આપી શકે તેમ નથી. એની ઘડ બેસાડવા માટે માનસશાસ્ત્ર અને નવયુગનાં ઘડતરો વિચારવાં જ પડે અને તેને માટે અહિં સ્થાન છે અને તેમ થયા કે કર્યા વગર જે સામાજિક અને ધાર્મિક ઉન્નતિ ઇચ્છતા હોય તેઓ ખાલી ફાંફાં મારે છે. સમાજ વિકાસનાં સૂત્રોમાં અભ્યાસ વગર, દર્શનકાળ અને જ્ઞાનકાળના સૂત્રોના તફાવતના ઝીણવટવાળા અભ્યાસ વગર અને પ્રાચીન અર્વાચીન ઇતિહાસના વિવેકપૂર્વકના જ્ઞાન વગર સમાજ ઉન્નતિ અશક્ય છે એટલું જ નહિ પણ આ યુગમાં પશ્ચાદ્ગતિ કરાવનાર થાય છે. સમાજનું નાવ જેણે હાથમાં ધરવું છે, શ્રી મહાવીર પરમાત્મા જેમને સોંપી ગયા છે, તેમણે એક અથવા બીજા પ્રકારે



આ રસ્તો લીધા સિવાય અન્ય માર્ગ નથી. કેળવણી વગર સમાજની પ્રગતિ નથી, અને કેળવણીના પ્રયાસનું હાસ્ય કરવું કે એને માટેના દાનની અવગણના કરવી એ દીર્ઘદૃષ્ટિની અલ્પતા બતાવે છે.

"માટે મારી વિજ્ઞપ્તિ કે કેળવણીદ્વારા સમાજને સંગઠિત કરો, કેળવણીને અપનાવી જનતાને એનાં ફળો દેખાડો અને જનતા તમને એનો સીધો જવાબ આપશે. કેળવાયલાની કિંમત, એના માસિક પગાર કે એની માસિક આવકમાં નથી, ઇન્કમટેક્ષમાં ભરાતી રકમ કે એના બેંક બેલેન્સમાં નથી. એ જીવન જ અનોખું છે. ઓછા ભાડાની એક ઓરડીમાં સાદાઇથી રહેનાર અને ઉચ્ચ વિચાર ઘડનારના ઘરની વ્યવસ્થા, બાળઉછેર કે વાતચીત જોશો તો આશ્ચર્ય થશે. એની સાથે સરખામણી કરી શકાય એવી સ્થિતિ, એવી શાંતિ, એવી સ્થિરતા, એવી ગંભીરતા તમને અન્યત્ર નહિ મળે. અને ખરી વાત ચારિત્રની છે. વર્તન ઉપર જીવનસાફલ્યનો આધાર છે અને વર્તનનિર્ણય સદ્અસદ્વિવેક પર આધાર રાખે છે અને વિવેક કેળવણી વગર અશક્ય છે.

"ગમે તે દૃષ્ટિબિન્દુથી જોઇએ, કેળવણી વગર પ્રગતિ અશક્ય છે અને જ્યારે આપણે સમજશું કે કેળવણીના વિશાળ અર્થમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે, ત્યારે આપણી પ્રગતિ અનિવાર્ય છે. આવું આવું કાંઈક કરવા આ સત્ર આરંભ્યો છે. એમાં જેમણે લાકડાં, સમિધ્ નાંખ્યાં તેનો આભાર છે, ઋત્વિજોનો આભાર છે, પ્રેરકનો આભાર છે અને જનતાનો સહાનુભૂતિ માટે આભાર છે.

"આ અને આવી સંસ્થા આપણો પ્રાણ છે, એને વિકસાવવી એમાં આપણો ઉદય છે, એની પ્રગતિમાં સાથ આપવો એમાં આપણી સંતતિનું કલ્યાણ રહેલું છે, અને એને માટે તનમનધનની સહાય કરવી એ આપણા સર્વનું પરમ કર્તવ્ય છે.

"કેળવણીનું ફળ એક અને એકધારૂંજ આવશે. એ જૈનને મળે કે લુહાણાને મળે, બ્રાહ્મણને મળે કે વાણીયાને મળે—પરિણામે રાષ્ટ્રભાવ ખીલે છે, વાડાભાવ નાશ પામે છે, અને આપણે ઉઘાડી આંખે જોઇએ તો આપણી ચારે બાજુએ આ બનતું જોઈ શકાય છે.

"કેળવણીના વિકાસમાં ધર્મનો હ્રાસ સમજે કે મનાવે તે આ વર્તમાન યુગને સમજ્યા નથી, એના ઝોકનો તેમણે અભ્યાસ કર્યો નથી, એમણે દર્શનકાળ અને જ્ઞાનકાળનો તફાવત જાણ્યો નથી, તેમણે સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી. બાકી કેળવણીની નિંદા કરવી એ અંધારાને અપનાવવા અથવા એમાં પ્રકાશ માનવા જેવું છે. કદાચ અઢારમી અને ઓગણીસમી સદીની અંધકાર દશાનો એને અવશેષ ગણીએ તો ખોટું ન ગણાય. એ મનોદશા દૂર થતી જાય છે, પણ જેમ જલદી દૂર થાય તેમ વધારે સારૂં.

"આ સંસ્થાને સમાજે આપેલ સહકાર, પ્રેરણા અને ઉદારતા માટે અંતઃકરણથી આભાર માનતાં આ સંસ્થાનો અનેકવિધ વિકાસ રજુ કરનાર સુવર્ણજયંતી થાઓ અને તમારામાંના યુવાનો એને ઊજવો એવું અંતઃકરણથી હું ઇચ્છું છું. જૈનધર્મ વિશાળ છે, એમાં જ્ઞાતિભેદ નથી, એમાં મતભેદ નથી, એમાં વિશાળતાના પાયા સમજાવનાર નયવાદ છે અને એને ન્યાય ( Logic ) સાથે એટલો ગાઢ સંબંધ છે કે એનાથી રાષ્ટ્રભાવ તો શું પણ આંતરરાષ્ટ્રીય ભાવ વધે, દીપે અને ઝળકે તેમ છે. આ માર્ગે આપણી પ્રગતિ થાઓ !"

ત્યારબાદ **પ્રમુખશ્રી**એ ભાષણ કર્યું તેમાંના અગત્યના ફકરાનો સાર નીચે મુજબ છે:—

**જ્ઞાનોપાસનાનું મહત્વ**:—મનુષ્યજીવનનો પરમ પુરૂષાર્થ મુક્તિ છે અને તે પ્રાપ્ત કરવા માટે જૈન મહર્ષિઓએ બે મુખ્ય સાધનો ગણાવ્યા છે: ( ૧ ) સમ્યગ્ જ્ઞાન અને ( ૨ ) સમ્યક્ ક્રિયા. સમ્યગ્ જ્ઞાનનો જીવનમાં જ્યારે અમલ થાય છે ત્યારે તે સમ્યક્ ક્રિયારૂપ બને છે. એથી સાચી જ્ઞાનોપાસના એજ મુક્તિમાર્ગનું ભવ્ય પ્રવેશદ્વાર છે.

ચરમ તીર્થંકર પ્રભુશ્રી મહાવીર વર્તમાન ઇતિહાસના એક મહાન નવયુગપ્રવર્તક તરીકે માલમ પડે છે. તેઓ સકળ રાજવૈભવનો ત્યાગ કરી સાડા બાર વર્ષ સુધી ભિષણ તપશ્ચર્યા કરે છે તથા શુદ્ધ જ્ઞાન પામ્યા પછી તેનો સર્વત્ર અખૂટ ઉત્સાહથી પ્રચાર કરે છે. સંસ્કૃતનો મોહ છોડી તેઓ પોતાની મધુર સાદી લોકભાષામાં મનુષ્યજીવનનો ઉદ્દેશ ( પરમઅર્થશાસ્ત્ર ), વિશ્વનું સ્વરૂપ ( Cosmology ), ષડ્દ્રવ્યો અને તેનું સ્વરૂપ ( Physics & Chemistry ), જીવનશાસ્ત્ર ( Biology, Botany, Zoology ), નવતત્ત્વ ( Ethics & Religion ) વગેરે વિષયો પર સ્યાદ્વાદયુક્ત જ્ઞાન પ્રસરાવે છે. તેમનું આ શિક્ષણ લોકજીવનમાં મહાન ક્રાંતિ લાવે છે. આધિ-ભૌતિક પૂજા અને યજ્ઞયાગાદિના સ્થળે અહિંસા, આત્મશોધન, સંયમ અને જ્ઞાનોપાસના પ્રચાર પામે છે. ઉચ્ચનીચના ભેદો દૂર થઈ સત્ત્વપૂજા ( Heroworship ) દાખલ થાય છે. સ્ત્રીસમાજ અને શૂદ્રો આત્મવિકાસ કરવાના સરખા અધિકારી બને છે.

પ્રભુ મહાવીર પછી જ્ઞાનગંગા અસ્ખલિત રાખવાનું કાર્ય તેમના ધુરંધર આચાર્યો અને ઉપાધ્યાયોએ કર્યું છે.

**સરસ્વતીની આરાધના**:—જ્ઞાનોપાસક જૈન શ્રમણોએ કરેલી સરસ્વતીદેવીની આરાધનામાં ધર્મશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ન્યાય, યોગ અને અધ્યાત્મશાસ્ત્રથી માંડીને સાહિત્ય, કાવ્ય, કોષ, કથા, નાટક, વ્યાકરણ, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, સંગીત, ધનુર્વિદ્યા, આયુર્વેદ, રસાયણશાસ્ત્ર, જ્યોતિષ, ખગોળ, અશ્વપરીક્ષા, ગજપરીક્ષા, રત્નપરીક્ષા આદિ અનેક વિષયોનો સમાવેશ થાય છે. આ સાહિત્ય તેઓએ સંસ્કૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, ગુજરાતી, હિન્દી, મરાઠી, કાનડી અને તામીલ વગેરે ભાષામાં નિર્માણ કર્યું છે; અને જૈનોએ કરોડો રૂપિયા ખર્ચી તેની નકલો કરાવી જ્ઞાન પ્રચારાર્થે તેની નકલો જ્ઞાનભંડારોમાં સુરક્ષિત રાખી છે.

**વ્યવહારિક કેળવણી**:—તે સમયનો જૈન સમાજ શ્રમણસંસ્થા પ્રત્યે ભક્તિભાવ રાખતો અને તેમની નવી નવી સાહિત્યરચનામાં ખૂબ રસ લેતો હતો, છતાં સામાન્ય વ્યવહારિક કેળવણી માટે તો અન્ય સમાજની જેમ તે પણ પોતાના બાલકબાલિકાઓને કલાચાર્ય તથા શિલ્પાચાર્યો પાસેજ મોકલતો. કલાચાર્ય તેઓને વાંચન, લેખન, ગણિત, ઇતિહાસ તથા પુરુષોની બહોંતર અને સ્ત્રીઓની ચોસઠ કળાઓ શિખવતા, જ્યારે શિલ્પાચાર્યો ચિત્રકામ, સુથારીકામ, શિલ્પકામ, ઇજનેરીકામ વગેરે શીખવતા. આ આચાર્યોની પ્રથા કુલપરંપરાથી ચાલી આવતી તેથી તેમની નિષ્ણાતતા ઉંચા પ્રકારની હતી. તેઓ પ્રાયઃ એકાદ ગામ કે શહેરના લતામાં બેસી જઈ ત્યાં પોતાની શાળા ખોલતા. કેટલાક આચાર્યો ખાસ રાજવંશી પુરૂષો તથા શ્રીમંતપુત્રોનેજ શિક્ષણ આપતા. ટૂંકમાં એ વખતે ભારતના ગામડે ગામડે નિશાળો હતી અને તે દ્વારા બધો આમવર્ગ જરૂરી શિક્ષણ મેળવી શકતો. આર્યસંસ્કૃતિમાં વિદ્યાદાન મૂળથી પવિત્ર વસ્તુ મનાઈ હતી અને તેના દાન બદલ વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ થતાં જે કાંઈ રકમ આપતો તે રાજીખુશીથી સ્વીકારવામાં આવતી.

**પરિવર્તનકાળ**:—પરંતુ કાળબળે આપણી આ પ્રાચીન શિક્ષણ પ્રણાલિકાની ઉજ્જવલ કારકીર્દી મધ્ય યુગના અંત સમયમાં ઝાંખી પડવા લાગી. આ અરસામાંજ રાજાઓના અરસ્પરસના ઝઘડા, ધર્મગુરૂઓના ક્ષુદ્ર મતમતાંતરોની મારામારી અને યુગબળ પિછાણવાની આપણી ટૂંકી દૃષ્ટિને લીધે ભારતવર્ષમાં અંગ્રેજ સત્તાની સ્થાપના થઈ. તેની સાથે જગત પર પોતાની પ્રચંડ શક્તિઓ દર્શાવતું પશ્ચિમનું વિજ્ઞાન પણ આવ્યું. આથી આપણી સઘળી જીવન પ્રણાલિકામાં ભારે પરિવર્તનો શરૂ થયા.



સહુથી પ્રથમ આપણી આર્થિક વ્યવસ્થા તૂટી. પરદેશથી યંત્રોમાં તૈયાર થઇને જથ્થાબંધ માલ આવવા લાગ્યો અને રાજ્યકર્ત્તાઓના ટેકાથી તેનો ખૂબ પ્રચાર થવા લાગ્યો.

બીજું પરિવર્તન એ થયું કે વાહનવ્યવહારની ઝડપને લીધે દૂર દૂરના દેશો આપણી વધારે નજીક આવ્યા. તેની સાથે તેમનું સાહિત્ય, તેમનું તત્ત્વજ્ઞાન તથા સામાજિક રીતરિવાજો પણ આવ્યા.

**નૂતન કેળવણી**:—નવી ઢબની કેળવણી ઈ. સ. ૧૮૫૪ માં વુડના ખરિતાથી આવી. ત્યાર બાદ મેકોલેની યોજના આવી અને રાજકર્તાઓની સહાયથી તે યોજના મુજબની કેળવણીની નાની મોટી શાળાઓ દેશના એક છેડાથી બીજા છેડા સુધી સ્થપાતી ગઇ.

આ ક્રાન્તિયુગમાં જૈનાચાર્યો પાછળ પડ્યા હોય તેમ જણાય છે. તેઓએ અંગ્રેજી ભાષાનો તથા પશ્ચિમના વિજ્ઞાનનો પ્રામાણિક અભ્યાસ કરી સમાજને દોરવણી આપવાની જરૂર હતી, પરંતુ તેઓ એ દિશામાં ઉદાસીનજ રહ્યા. માત્ર ત્રણ વ્યક્તિઓએ એ દિશામાં પ્રયાસ કર્યો. પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજ, પૂજ્યપાદ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ શ્રી વિજય-ધર્મસૂરીશ્વરજી મહારાજ.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**:—આજ સમયે જૈન સમાજના કેળવાયેલા વર્ગમાં સમાજ અને ધર્મ માટે કાંઇક કરી છૂટવાની ભાવના જોર પકડી રહી હતી. તેણે ઈ. સ. ૧૯૦૨ માં ફલોધિ મુકામે જૈન શ્વેતાંબર કોન્ફરન્સને જન્મ આપ્યો. તે સંસ્થાના પ્રચાર અને પ્રયાસથી તથા ઉપરના દીર્ઘદર્શી આચાર્યોના ટેકાથી આજની આપણી ઘણીખરી કેળવણીની સંસ્થાઓ હસ્તીમાં આવી છે. શ્રી. મહાવીર જૈન વિદ્યાલય પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના શુભ પ્રયાસનું પરિણામ છે. ઇ. સ. ૧૯૧૫ માં તેઓના સદુપદેશથી આ વિદ્યાલય સ્થપાયું છે. એના વિકાસ માટે તેઓશ્રીએ કરેલા પ્રયાસો અનેક ધન્યવાદને પાત્ર છે.

આ સંસ્થાએ પોતાની પહેલી પચ્ચીશીમાં કુલ્લે રૂા. ૭,૮૫,૭૬૪-૧૫-૨ નો ખર્ચ કેળવણી પાછળ કર્યો છે. પરિણામે તેમાંથી ૨૪૯ ગ્રેજ્યુએટો તૈયાર થયા છે અને ૨૬૧ વિદ્યાર્થીઓ તેનો થોડો ઘણો લાભ લઇ ગયા છે.

**દાનના પ્રવાહનો સુધારો**:—ઉચ્ચ કેળવણી લેનારાઓને પૂરતી સગવડ આપનાર આપણા સમાજમાં આ એકની એક સંસ્થા છે છતાં તેની નાણાવિષયક સ્થિતિ આમ કેમ? આપણો સમાજ જો કે પ્રાચીન કાળનો સમૃદ્ધ જૈન સમાજ નથી છતાં તેમાં હજી અનેક ધનવાનો પડ્યા છે અને દાનનો પ્રવાહ પણ વહી રહ્યો છે. પરંતુ કેટલીક ખોટી માન્યતાઓને લીધે તે એવી રીતે વહી રહ્યો છે કે તેનું જે પરિણામ આવવું જોઇએ તેટલું આવતું નથી. કેટલાક ભાઇઓ શુભેચ્છાથી દાન કરે છે પરંતુ તેના ઉપયોગ માટે પોતાની નાનકડી જ્ઞાતિ અને સ્થાનની જે મર્યાદા મૂકે છે તેથી તેની ઉપયોગિતા ઘણા અંશે કમી થાય છે. આવા નાના નાના ને છુટાછુટા ફંડોને જો એકત્ર કરવામાં આવે અને ' જૈન એજ્યુકેશન જનરલ ફંડ ' જેવું ફંડ સ્થાપવામાં આવે તો તે દ્વારા ઘણું સંગીન કાર્ય થઈ શકે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો વહીવટ નમુનેદાર છે. તેની દરેક વસ્તુ બંધારણપૂર્વક થાય છે. દર વર્ષે તેનો નિયમિત રિપોર્ટ જનતાની સેવામાં રજુ થાય છે. તેમાં તેના હસ્તકના તમામ ટ્રસ્ટો, ચાલુ ખર્ચ, વિદ્યાર્થીઓની વર્તમાન સંખ્યા તથા લોન રિફંડની પ્રામાણિક માહિતી રજુ થાય છે. તેથી કોઇને તે સંબંધી ટીકા કરવાનો અવકાશ નથી.

**ધાર્મિક કેળવણી**:—ત્યારપછી પ્રમુખશ્રીએ તે પર ભાર મૂક્યો. શરીર સુધારણાની જરૂરીઆત બતાવી અને પછી વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કહ્યું.

**વિદ્યાર્થીઓને !**:—વિદ્યાર્થી બંધુઓ ! તમે જૈન ધર્મના ઉદયની આશાઓ છો ! દેશના ભાવિ સૈનિકો છો ! માત્ર આજીવિકા મેળવવાની શક્તિ આવે તેથી તમારા મહાન આદર્શોની સિદ્ધિ થવાની નથી. તે માટે તમારામાં સંગીન જ્ઞાન, શારીરિક બળ, સામુદાયિક કામ કરવાની તાલીમ અને સેવાની ઉત્કટ ભાવના હોવી જોઇએ. સંસ્થામાંથી તૈયાર થઇને બહાર પડ્યા પછી પણ ઉચ્ચ આદર્શોને વળગી રહેવું જોઇએ. અહીંથી નીકળેલા દરેક વિદ્યાર્થીપર સંસ્થાની વિશિષ્ટ છાપ હોવી જ જોઇએ. જ્યારે જનતા આ બધું બરાબર નિહાળશે ત્યારે તેનો પ્રેમ આવી સંસ્થાઓ માટે અનેકગણો વધી જશે.

**જૈન સમાજને વિજ્ઞપ્તિ**:—જૈન બંધુઓ ! આપ જૈન સમાજનો ખરેખર ઉત્કર્ષ ચાહતા હો તો નાનીનાની બાબતોના મતભેદો અને ઝઘડાઓમાં પડવાનું છોડી દઈ રચનાત્મક કાર્યક્રમની પાછળ લાગો. કેળવણીનો પ્રચાર તેમાંનું એક મુખ્ય કાર્ય છે. એ કાર્ય આપ બરાબર પાર પાડશો તો વર્તમાનકાળની અનેક વિકટ સમસ્યાઓનો આપોઆપ ઉકેલ આવી જશે.

સાધુમુનિરાજો ! આપ મહાન તીર્થંકરો અને પૂર્વાચાર્યોના વારસદાર છો તે યાદ કરશો. તેઓએ જે નિષ્ઠાથી જ્ઞાનોપાસના કરી હતી, લોકજીવનમાં જ્ઞાનનો પ્રચાર કર્યો હતો, તેજ નિષ્ઠાથી આપ પણ જ્ઞાનોપાસના કરો. એનાં ફળો હમેશાં મધુરાંજ આવશે.

અંતમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ઉત્તરોત્તર ફત્તેહ ઇચ્છું છું અને તેના દ્વારા જૈન સમાજને અનેક પ્રભાવશાળી વ્યક્તિઓ મળે તેવી આશા રાખું છું.

પ્રાસંગિક વિવેચનમાં **શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ**એ સંસ્થા સાથેનો પોતાનો શરૂઆતથી આજ સુધીનો અવિભક્ત સંબંધ દર્શાવતા, એની ઉપયોગિતાપર, વિદ્યાર્થીની ફરજ પર અને જનતાની ઉદારતા પર વિવેચન કર્યું.

ત્યારપછી શ્રી જૈન સ્થાનકવાસી કોન્ફરન્સના મહામંત્રી **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે** મુક્તકંઠે સંસ્થાની પ્રશંસા કરી, ધાર્મિક શિક્ષણની પદ્ધતિ પર ઉપયોગી વિવેચન કર્યું અને આવી સંસ્થાની જરૂરીઆત પર ધ્યાન ખેંચ્યું.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પ્રમુખ **શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખે** કેળવણીના પ્રશ્નની મહત્તા અને નવયુગની જરૂરીયાત પર ભાર મૂક્યો અને **શ્રી રમણીકલાલ મોદી**એ જૂના વિદ્યાર્થીઓના મંડળ તરફથી રૂા. ૫૦૧] સંસ્થાને આપવા ઉપરાંત અનેક ઉપયોગી સૂચના કરી.

**શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી**એ સર મણિલાલ **નાણાવટીનો** આભાર માન્યો અને તેને **રા. સા. શેઠ રવજીભાઈ સોજપાળે** ટેકો આપ્યા બાદ, માંગરોળ સભાની બાળાઓએ ‘ વંદેમાતરમ્ ’ ગાયું અને સર્વના હર્ષ વચ્ચે મેળાવડો પૂર્ણ થયો.

રજત મહોત્સવનું આ મહત્વનું કાર્ય હતું અને તેમાં જનતાએ સારો રસ લીધો હતો. બહેનોની સંખ્યા પણ સારી હાજર હતી અને વિદ્યાર્થીવર્ગના ઉત્સાહનું તો વર્ણન થઈ શકે તેમ ન હોઈ, તે વાત વાંચકની કલ્પના પર જ છોડવી ધારી છે.

### ૬. અહિંસા સંભાષણ.

તા. ૨૮-૧૨-૧૯૪૧ રવિવારે રાત્રે છટ્ઠો કાર્યક્રમ ભાષણનો હતો. પ્રથમની જાહેરાત પ્રમાણે આજે રાત્રે **શ્રીયુત શંકરરાવ દેવ** (કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય)નું ‘ અહીંસા’ના વિષય પર પંડિત સુખલાલજીના પ્રમુખપણા નીચે ભાષણ થવાનું હતું. બારડોલી મુકામે વર્કિંગ કમિટીનું કામ પૂરૂં ન થવાથી શ્રી દેવ મુંબઈ આવી શક્યા નહિ, પણ એમનું સ્થાન **શ્રી રમણિકલાલ મોદી**એ જાળવી લીધું. તેમણે અહિંસાનો વિષય સામાજિક દૃષ્ટિએ ચર્ચ્યો. સર્વેનું ધ્યાન



એમણે ખૂબ ખેંચ્યું, અને **પંડિત સુખલાલજી**એ એના પર વેધક દૃષ્ટિએ વિવેચન કર્યું. આ ભાષણ અને તે પરનું વિવેચન ખાસ ઉપયોગી અને મનનીય હોઇને ઘણું સફળ નીવડ્યું. દોઢ કલાક સુધી આ માનસિક ખોરાકે જનતાને ખૂબ રસ ઉપજાવ્યો અને વક્તા તથા પ્રમુખની સર્વતોમુખી પ્રશંસા થઈ. મહોત્સવનો આ માનસિક વિભાગ ભવ્ય રીતે ઊજવાયો.

### ૭. સ્નાત્રપૂજા.

તા. ૨૯-૧૨-૧૯૪૧. સોમવારે સવારે સ્નાત્રપૂજાનો **સાતમો કાર્યક્રમ** રાખવામાં આવ્યો હતો. સવારે ૮-૩૦ કલાકે સંસ્થાના મંત્રીએ સ્નાત્ર ભણાવ્યું. **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી**કૃત ‘ પંચ કલ્યાણક’ની પૂજા રસરાગના સાહિત્ય સાથે માસ્તર ચિમનલાલે ભણાવી. સંસ્થાના મધ્યગૃહમાં આ વખતે ૨૫૦ ઉપરાંત હાજરી હતી. પૂજાનો પ્રસ્તાવ લગભગ ત્રણ કલાક ચાલ્યો. વચ્ચે વચ્ચે પ્રાસંગિક વિવેચન શ્રી મોતીચંદભાઈ એ કર્યું. આરતી ઉતાર્યા બાદ તે જ સ્થાનપર ભોજનસમારંભ થયો હતો. અનેક વાનીઓથી ભરપૂર ભોજનની વ્યવસ્થા ઉપર દેખરેખ શેઠ રણછોડભાઈ રાયચંદની હતી. જૂના તથા ચાલુ વિદ્યાર્થીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને નિમંત્રિત ગૃહસ્થોએ આ ભોજનસમારંભમાં ભાગ લીધો. સર્વના મુખ પર આનંદની છાયા ઉછળી આવતી હતી. આ આખો સમારંભ બહુ હર્ષથી પસાર થયો, વિદ્યાર્થીઓની સેવાભાવનાની-કસોટી થઈ, અને ધર્મના અંતરંગ રાગના બહિર્દર્શન થયા. તે પ્રસંગે શ્રી મોતીચંદ કાપડીઆની પચીશ વર્ષની સેવાની કદર કરતાં શ્રી ફકલભાઈ વકીલે એક સુંદર ભાષણ કરી શ્રી મોતીચંદભાઈની છબીને ફુલહાર ચઢાવ્યો હતો.

### ૮. પાર્ટી.

સોમવાર તા. ૨૯-૧૨-૪૧ સાંજે ( ત્રીજે દિવસે ) મંડપમાં પાર્ટીની યોજના કરવામાં આવી હતી. સર્વ જૂના-નવા વિદ્યાર્થીઓ, સભ્યો, પેટ્રનો અને આમંત્રિત ગૃહસ્થોથી આખો મંડપ ભરાઈ ગયો હતો. આ ઉદ્યાન મિલાપનો સમારંભ ભારે આકર્ષક નીવડ્યો. લગભગ એક કલાકની પરસ્પર આનંદ ચર્ચા બાદ સમિતિના સભ્ય શ્રી માધવલાલ શાહે સર્વનો આભાર માન્યો અને શેઠ મોહનલાલ હેમચંદે પોતાના બુલંદ અવાજથી આવા મેળાવડાની જરૂરીઆત સમજાવી અને છેવટે આનંદના ઉમળકા સાથે આ આઠમો કાર્યક્રમ પૂર્ણ થયો.

### ૯. ભારતી સંસ્કૃતિના માર્ગો.

ત્રીજા દિવસની ( તા. ૨૯-૧૨-૧૯૮૧ સોમ ) રાત્રીનો આ **નવમો કાર્યક્રમ** ખૂબ બોધક થઈ પડ્યો. જાહેરાત પ્રમાણે આ રાત્રે મંડપમાં પંડિત સુખલાલજી ‘ભારતી સંસ્કૃતિના માર્ગો’ પર વ્યાખ્યાન કરવાના હતા અને મુંબઈ સરકારના માજી વડાપ્રધાન **શ્રીયુત** બાલાસાહેબ ખેર પ્રમુખસ્થાન લેવાના હતા. અપૂર્વ વિદ્વાન સાથે આજે નિર્મળ હૃદયનો મેળ થવાનો હોઈ, જનતાએ રાત્રિ હોવા છતાં મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને વખતસર મેળાવડાનું કાર્ય શરૂ થયું હતું.

વક્તાએ પ્રવર્તક નિવર્તક ધર્મો, ચાર્વાકના અર્થ અને કામ પુરૂષાર્થ, વૈદિક ધર્મ પુરૂષાર્થ અને સાંખ્યા, ન્યાય, જૈન અને બૌદ્ધના નિવર્તક ધર્મો પર બહુ વિસ્તારથી વિવેચન કર્યું. પ્રમુખે તેનો વિદ્વત્તાપૂર્ણ ઉલ્લેખ કર્યો અને આ સંમેલન પ્રસંગને અંગે બીજી માનસિક ઉજાણીનોલાભ જનતાને મળ્યો. આ અભિનવ પ્રસંગ નીવડ્યો અને જનતાએ એને એ તરીકે લેખવ્યો.

### ૧૦. વિદ્યાપતિ.

રજત મહોત્સવનો દશમો પ્રસંગ **વિદ્યાપતિ**ના સિનેમા શોનો તા. ૩૦-૧૨-૧૯૪૧ મંગળવારે હતો. શેઠ કપુરચંદભાઇના ઔદાર્યથી સર્વ વિદ્યાર્થી તથા સભ્યોને કોઈપણ જાતની ફી લીધા વગર આ ખેલ બતાવવામાં આવ્યો અને સર્વેએ એનો પૂરતો લાભ લીધો. ન્યુ થીએટર્સના આ ચિત્રપટમાં

માનસિક મંથન અને માનસશાસ્ત્રના ઝીણવટના પ્રશ્નો ગુંથાઈ ગયેલા છે તેનો અભ્યાસ કરવાનો અનેકને પ્રસંગ મળ્યો. અને રંજન સમિતિના મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે જ્યારે શેઠ કપુરચંદભાઈનો આભાર પડદા આગળ જઈ માન્યો, ત્યારે જનતાએ એને યોગ્ય તાલીઓથી સહર્ષ વધાવી લીધો.

## ૧૧. ચાલુ વિદ્યાર્થી સંમેલન.

સંસ્થાના ઇતિહાસમાં આવા ભવ્ય પ્રસંગમાં ચાલુ વિદ્યાર્થીઓ પણ પાછા ન પડ્યા. તેમનો સર્વ પ્રસંગોમાં સક્રિય ફાળો અને સેવા તો હતી જ. તેમણે પોતાનું સંમેલન **શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ**ના પ્રમુખપણા નીચે ઉજવ્યું. તેમણે વ્યવસ્થાપક સમિતિના સભ્યોને નોતર્યા અને ગાયન, વાદન અને સંભાષણો કર્યાં. તે પ્રસંગે **પંડિત સુખલાલજી, શ્રી પરમાનંદ કાપડીઆ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી મોતીચંદ કાપડીઆ** વિગેરેએ વિવેચન કર્યું. વિદ્યાર્થીઓના સહકાર અને સેવાની પ્રશંસા કરી. અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ દરેકને યોગ્ય ભેટ તૈયાર કરી હતી તેનો લાભ લીધો. ભેટની વસ્તુ સાથે એક ' ઉલ્લેખ ' હોય, તે વંચાય. તેમાં ભારે મઝા આવી. વિદ્યાર્થીઓએ પણ સારાં વિવેચનો કર્યાં. વક્તાઓએ વ્યાયામની જરૂરીઆત પર વિવેચન કર્યાં. છેવટે અલ્પાહારને ન્યાય આપી આ આખો સમારંભ અગ્યારમા કાર્યક્રમ સાથે પૂર્ણ કર્યો.

આ પ્રકારે સંસ્થાનો રજત મહોત્સવ અગીઆર જાતના વિવિધ કાર્યક્રમથી ઊજવાયો. એમાં શારીરિક, માનસિક અને ધાર્મિક મીઠાઈઓ પીરસાણી, સર્વેએ તેનો બનતો લાભ લીધો. સ્મારક ગ્રંથ એની ચીર યાદગીરી રહી. એને અંગે સંસ્થાને ખર્ચ કરવા સારૂ ફંડ થયું, તેમાં રસદર્શનને અંગે રૂા. ૫૨૮-૫-૦ ખર્ચ થયો અને સામાન્ય ખર્ચફંડમાં રૂા. ૪,૯૦૨-૦-૦ જમે થયા, કોન્સર્ટની આવક રૂા. ૩,૦૯૮-૦-૦ થઈ. જ્યારે ખર્ચમાં સ્મારક ગ્રંથ પાછળ ખર્ચ રૂા. ૫,૩૯૦-૧-૬ થયો અને બીજો ખર્ચ રૂા. ૩,૮૭૦-૧૦-૩ થયો. સંસ્થાને નીચે પ્રમાણે સહાયના વચનો મળ્યાં.

૮ પેટ્રન રૂા. ૬૨, ૫૭૫, ૫૧ સભ્યો રૂા. ૨૫,૨૩૦, ૬ ચાલુ સહાય રૂા. ૩, ૫૦૬.

એ રીતે એ સાડાત્રણ દિવસનો કાર્યક્રમ પૂરો થયો.

## દેવકરણ મેન્શન

છેલ્લા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે દેવકરણ મેન્શનની ખરીદીનું આદરેલ કાર્ય રિપોર્ટવાળા વર્ષમાં પૂરૂં થયું છે. સામાન્ય સમિતિએ તા. ૧૩-૭-૧૯૪૧ ને રોજ જે નવ ઠરાવ કર્યા હતા અને જેની વિગત તરજુમા સાથે ગત રિપોર્ટમાં રજૂ કરવામાં આવી હતી તેને અંગે ત્યારપછી કેવી રીતે એ ખરીદીનું કાર્ય પૂરૂં થયું તેની વિગત રજૂ કરીએ.

દેવકરણ મેન્શનની ખરીદીને અંગે છ લાખ રૂપીઆની રકમ શેઠ દેવકરણ મુળજીના એકઝીક્યુટરોને આપવી, તેમાં તેમની પાસે રકમ હોય તે મજરે લેવી. એનો છેવટનો હિસાબ તો થઈ શકયો નથી, પણ સસ્તા ભાડાની ચાલીના ચાર લાખ રૂપીઆની રકમ ઉપર ૧૯૯૫ ના જેઠ સુદ ૧ થી ૧૯૯૭ ના આસો શુદ ૯ સુધીના વ્યાજના ૪ ટકા લેખે મજરે આપવાની રકમ થઈ, તેની સામે એકઝીક્યુટરો પાસે રોકડ રકમ હતી તે બાદ કરતાં ઉચક રકમ પેટે હાલ તુરત તેમને રૂા. ૪,૮૨,૦૦૦) રોકડા તા. ૨૯-૮-૧૯૪૧ રોજ આપ્યા. તેમની પાસે તેમનો હિસાબ બાકીનો પૂરો થાય તે વખતે બાકીની રકમ પાછી



લેવાની ગોઠવણ કરી, તેમની પાસેથી રૂા. ૧૫,૨૭૫) નો ભાડા ડિપોઝિટનો હવાલો લીધો, ટ્રાન્સફરના સ્ટાંપ અને સોલિસિટર ખર્ચ પેટે રૂા. ૨૦,૩૦૦) આપ્યા; મારગેજીના સોલિસિટરના બીલના રૂા. ૨,૩૫૦) આપી સં. ૧૯૯૭ ના ભાદરવા વદ અમાસના રોજ મકાનનો કબજો લીધો છે.

આ રીતે દેવકરણ મેન્શનની ખરીદીને અંગે સંસ્થાએ રૂા. ૫,૨૨,૯૯૬-૮-૦ ની રકમ ખરચી છે. તેમાં વકીલ ખર્ચ, મારગેજ ખર્ચ અને ભાડા ડિપોઝિટની રકમનો હવાલો આવી જાય છે. તે ખાતાના કુલ ખર્ચની વિગત સંસ્થાના દફતરમાં છે.

આટલી મોટી રકમ સંસ્થા પાસે નહોતી, એટલે હાઈકોર્ટનો હુકમ મેળવી ( તા. ૨૮-૩-૧૯૪૧ ) રૂા. ૩,૫૦,૦૦૦) સાડા ત્રણ લાખ શેઠ સાંકળચંદ દામોદરદાસ અને બીજાઓ પાસેથી ૪॥ ટકાના વ્યાજે લીધા છે અને સંસ્થાના ટ્રસ્ટ ખાતાની રકમો હતી તે રોકડ કરી હાઈકોર્ટના હુકમ અનુસાર સદર કાર્યને અંગે રૂા. ૧,૮૫,૦૯૧-૩-૦ ની રકમ દેવકરણ મેન્શનની ખરીદીને અંગે તે મકાન પર સેકન્ડ ચાર્જ કરી સદર હાઈકોર્ટના હુકમ અનુસાર આપી છે.

રેસીડ્યુ ( શેષ ) ની શરત પ્રમાણે અને સદર હાઈ કોર્ટના હુકમ અનુસાર શેઠ દેવકરણ મુળજી શેષ વિદ્યાર્થી તરીકે પાંચ વિદ્યાર્થી રાખવા અને તેમની પાસે કોઈ જાતનું બોન્ડ ન કરાવવું. એ શરતે રૂા. ૫૦,૦૦૦) પચાસ હજારની રકમ એ શેષ ટ્રસ્ટ ખાતે જમે કરી છે, અને તેજ રકમ દેવકરણ મેન્શનની ખરીદી ખાતે ઉધારતા દેવકરણ મેન્શનની ખરીદી ખાતે રૂા. ૫૭૨૯૯૬-૮-૦ ખેંચાય છે.

એટલે કોઈપણ જાતના ટ્રસ્ટની જવાબદારી ન ગણવામાં આવે તો દેવકરણ મેન્શનની ખરીદીને અંગે સંસ્થાને સદર રકમનો ( લગભગ પોણા છ લાખનો ) કુલ ખર્ચ થયો છે.

ટ્રસ્ટ ખાતાની ઉપર પ્રમાણે ધીરેલ રકમ રૂા. ૧,૮૫,૦૯૧-૩-૦ માં શેષ ટ્રસ્ટના પચાસ હજારની રકમ ઉમેરતાં દેવકરણ મેન્શન ખાતે રૂા. ૨,૩૫,૦૯૧-૩-૦ ની રકમ લેણી પડે છે. એના ઉપર સાડાચાર ટકાનું દર વર્ષે વ્યાજ મજરે લેવામાં આવે છે. પાંચ શેષ વિદ્યાર્થી ટ્રસ્ટ એક સ્વતંત્ર ટ્રસ્ટ તરીકે સ્વીકારવામાં આવ્યું છે અને તેનો વહીવટ નવા ચાલુ વર્ષથી રીતસર શરૂ થઈ ગયો છે.

રિપોર્ટવાળા વર્ષમાં રૂા. ૫૦,૦૦૦) ની રકમ મારગેજીને ભરીને મારગેજ રકમ સાડા ત્રણ લાખથી ઘટાડી ત્રણ લાખ પર લાવવામાં આવી છે. હવે તે રકમ ભરવા માટે જાહેર જનતાની સહાય ઉપર આધાર રહે છે.

લીઝ ટાન્સફર ( વેચાણ )નો દસ્તાવેજ તા. ૨૯-૮-૧૯૪૧ ને રોજ વિદ્યાલયના ટ્રસ્ટીના નામથી રજીસ્ટર થઈ ગયો છે અને અસલ દસ્તાવેજ સદર મિલ્કતના આગલા દસ્તાવેજો સાથે મારગેજીની પાસે ઇક્વીટેબલ મોરગેજને અંગે રાખેલ છે.

શેઠ દેવકરણ મુળજીના એકઝીક્યુટરો સાથે છેવટનો હિસાબ થયો નથી. નવીન વર્ષમાં થઈ જશે. તેમની પાસેથી જે રકમ આવશે તે દેવકરણ મેન્શન ખાતે જમે થશે. આની વિગત આવતા રિપોર્ટમાં આપી શકાશે.

રિપોર્ટવાળા વર્ષમાં રજત મહોત્સવને અંગે કાંઇક પ્રાપ્તિ થઈ તેથી પચાસ હજારની રકમ ભરી શકાઈ છે, પણ નવીન ચાલુ વર્ષનું બજેટ અને આવક જોતાં હવે રકમ ભરવાની મુશ્કેલી જણાય છે. સંસ્થાના ખર્ચ માટે વિચાર કરવાની જરૂર છે. સંસ્થાના મકાન મારગેજ હોય તે વાત શોભતી નથી. એનો ઉપાય તમારા હાથમાં છે.

ટ્રસ્ટ ખાતાની રકમના સેકન્ડ ચાર્જને અંગે ખાસ દસ્તાવેજ કરવાની જરૂર લાગી નથી, હાઇકોર્ટના હુકમમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને સંસ્થાના દફતરે તેની નોંધ છે તે પૂરતી ધારવામાં આવી છે.

આ રીતે દેવકરણ મેન્શન ખરીદીનું કાર્ય રિપોર્ટવાળા વર્ષમાં પૂરૂં થયું છે. તેને અંગે શેઠ દેવકરણ મુળજીના એક્ઝીક્યુટરોએ બતાવેલ સૌજન્ય અને કરી આપેલ સુકરતા માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ સંસ્થાના હાથમાં એ મકાન રહેશે ત્યાં સુધી તેનું નામ ‘ દેવકરણ મેન્શન’ ચાલુ રહેશે તેવી કબૂલાત આપી છે અને શેઠ દેવકરણ મુળજીના એક્ઝીક્યુટરોને તેમના ટ્રસ્ટને અંગે ઊભી થતી કોઈ અણધારી જવાબદારીને અંગે ઇન્ડેમ્નીટિ આપવામાં આવી છે.

આ કાર્યને અંગે શેઠ દેવકરણ મુળજીના લાભમાં ( તા. ૨૪-૩-૧૯૨૭ ને રોજ ) ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટે કરી આપેલ ( તા. ૩-૧-૧૯૦૭ થી શરૂ થતો ), ૯૯૯ વર્ષનો પટ્ટો, તા. ૨૯-૮-૧૯૪૧ ને રોજ શેઠ દેવકરણ મુળજીના એક્ઝીક્યુટરોએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના લાભમાં કરી આપેલ વેચાણ ( ટ્રાન્સફર ) ખતનો દસ્તાવેજ, તા. ૨૮-૩-૧૯૪૧ ને રોજ વિદ્યાલયના ટ્રસ્ટીઓએ નામદાર હાઈકોર્ટમાંથી મેળવેલ હુકમ, તા. ૯-૪-૧૯૪૧ ને રોજ શેઠ દેવકરણ મુળજીના એક્ઝીક્યુટરોએ સદર કોર્ટમાંથી મેળવેલ હુકમ અને કેટલીક પારિભાષિક બાબતોને અંગે તા. ૧-૮-૧૯૪૧ ને રોજ સદર કોર્ટે વિદ્યાલયના ટ્રસ્ટીઓને કરી આપેલ હુકમ બહુ અગત્યના દસ્તાવેજો છે અને સંસ્થાના અત્યાર સુધીના ધોરણ પ્રમાણે એને આ રિપોર્ટ સાથે છપાવવા ઘટે, પણ અત્યારે મુદ્રણ તથા કાગળના ભાવો અતિ વધારે પડતા હોઈ, એ પાંચે અગત્યના દસ્તાવેજોની ટાઈપ કોપીઓ સાઇક્લોસ્ટાઇલ કરાવી સંસ્થામાં રાખી છે અને કોઈપણ સભ્ય મંગાવે તેને મોકલી આપવામાં આવશે એવો ઠરાવ કરવામાં આવ્યો છે. આગળ જતાં મુદ્રણખર્ચ ઘાટસરના થશે ત્યારે એને છપાવી પ્રગટ કરવાની બાબત પર વિચાર કરવામાં આવશે.

દેવકરણ **મેન્શન વહીવટ** :—શ્રી દેવકરણ મેન્શનનો વહીવટ ઘણો મોટો અને લાંબો હોઈ, તે પર દેખરેખ રાખવા, સૂચના કરવા, જરૂરી ખર્ચ કરવા નીચેના સભ્યોની પેટા સમિતિ ( તા. ૧૭-૫-૧૯૪૧ ના ઠરાવથી ) નીમવામાં આવી અને તે પેટા સમિતિને મેન્શનનો વહીવટ કરવા, ભાડાં વસૂલ કરવા, મુનીમ નોકરો રાખવા રજા આપવા, રિપેર ખર્ચ વગેરે કાર્યો કરવાની સત્તા આપવામાં આવી.

૧ શેઠ રણછોડભાઈ રાયચંદ મોતીચંદ
૨ „ બબલચંદ કેશવલાલ મોદી
૩ „ ચંદુલાલ વર્ધમાન શાહ
૪ શેઠ ચંદુલાલ સારાભાઈ મોદી
૫ „ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

સદર પેટા સમિતિને તા. ૩૧-૮-૧૯૪૧ ના ઠરાવથી રિપોર્ટવાળા વર્ષ માટે ચાલુ રાખવામાં આવી હતી. સદર પેટા સમિતિ તેમને સોંપેલ કાર્ય ચીવટથી કરે છે.



દેવકરણ મેન્શનનો કબજો સં. ૧૯૯૭ ના આસો સુદ ૧ થી સંસ્થાના હસ્તક આવ્યો. એટલે આઠ માસનો વહીવટ રિપોર્ટવાળા વર્ષમાં કર્યો. તેને અંગે ભાડાની આવક રૂ. ૧,૧૦,૩૮૮-૦-૩ થઈ. જમીન ભાડું, મ્યુનિસિપલ બીલ્સ, નોકર ખર્ચ, વીમો અને માણસના પગારને અંગે રૂ. ૬૪,૦૮૨-૩-૯ ખર્ચ જતાં રૂ. ૪૬,૩૧૩-૬-૬ નો વધારો રહ્યો. તેમાંથી મારગેજીને વ્યાજના રૂ. ૧૦,૨૮૬-૫-૦ આપ્યા, શ્રી મ. જૈ. વિદ્યાલયને ટ્રસ્ટ ફંડ રોકાણના વ્યાજના રૂ. ૭,૦૬૧-૯-૦ આપ્યા અને રૂ. ૨,૬૦૦-૦-૦ દેવકરણ મેન્શન સીંકીંગ ફંડના અને તેના વ્યાજના રૂ. ૩૦-૫-૦ આપ્યા. બાકી રકમ રૂ. ,૨૬૩૩૫-૩-૬ રહી તે હાલ આવક ફંડ ખાતે જમે રાખી છે. દેવું ન દેવાય ત્યાંસુધી એ રકમ વટાવ ખાતે જઈ શકતી નથી.

છ માસના મ્યુનિસિપલ બીલ વસૂલ આપ્યા તેને અંગે અર્બન પ્રોપર્ટી ટેક્ષની રકમ રૂ. ૫,૬૦૯-૧૧ થઈ છે તે અપાઈ ગઈ છે. આપણી સંસ્થા કેળવણીની હોઈ, આ રકમ ઠરાવ પ્રમાણે સરકાર પાછી આપે છે, તેને માટે જરૂરી અરજી કરવામાં આવી છે. તે રકમ મળશે તો દેવકરણ મેન્શન ખાતે જમે કરવામાં આવશે.

આવી રીતે દેવકરણ મેન્શનના આઠ માસના વહીવટનો હિસાબ આપની પાસે રજૂ કર્યો છે. એનો હિસાબ, ચોપડા, વાઉચર, રસીદો, બીલો સર્વ અલગ રાખવામાં આવે છે, પેટા સમિતિ તેના ભાડા અને રિપેર પર દેખરેખ રાખે છે અને હિસાબ પર સીધી દેખરેખ મંત્રીઓની રહે છે. વખતોવખત તેનો હિસાબ વ્યવસ્થાપક સમિતિમાં રજૂ કરવામાં આવે છે. સદર રિપોર્ટવાળા વર્ષમાં ભાડાની ખાદ ખાતે ઉઘરાણીને અંગે કાંઇ રકમ માંડી વાળવી પડી નથી.

સામાન્ય સમિતિની સગવડ ખાતર દેવકરણ મેન્શનના વહીવટનો આખો હિસાબ અને સરવાયું બીજો ઠરાવ થતાં સુધી વાર્ષિક હિસાબની સાથે અલગ બતાવવામાં આવશે, જેથી એ ખાતાની આવકજાવક પર જનતાનું સીધું ધ્યાન ખેંચાઈ રહે.

## આવક ખર્ચ

સંસ્થાનો વાર્ષિક આવકખર્ચનો હિસાબ આ સાથે રજૂ કર્યો છે, તે પરથી જોવામાં આવશે કે નિવેદનવાળા વર્ષમાં આવક કરતાં ખર્ચ રૂ. ૯,૮૪૮-૧૦-૩ વધારે થયો છે.

આવકને અંગે સં. ૧૯૯૭ ના લવાજમની તથા આગલા વર્ષના વસૂલ આવેલા લવાજમની આવક રૂ. ૧૧,૮૬૯ થઈ છે, ત્યારે જૂના અને ચાલુ વિદ્યાર્થીઓ પાસેથી લોન રિફંડના રૂ. ૨૪,૯૩૬-૩-૬ આવ્યા, તથા ચાલુ ખાતામાં રૂ. ૬,૪૬૪-૧૧-૬ આવ્યા છે. આ રીતે ઉત્તરોત્તર આવક ઘટતી જાય છે એ પર આપનું ધ્યાન ખેંચવામાં આવે છે.

ખર્ચ ખાતામાં ખાસ ધ્યાન ખેંચે તેવી રકમ નં. ૪ વાળા જૂના મકાનના રિપેરમાં રૂ. ૧૨,૩૬૭-૧૪-૯ નો ખર્ચ થયો છે. બાકી ચાલુ ખર્ચ છે. વિદ્યાર્થીના ભોજન તથા અન્ય ખર્ચના રૂ. ૧૮,૬૫૭-૮-૯ અને વહીવટી ખર્ચના રૂ. ૬,૯૯૨-૧૩-૦ થયા છે તથા ધાર્મિક શિક્ષણના રૂ. ૧,૩૧૪-૧૫-૯ થયા છે તેનો સરવાળો રૂ. ૨૬,૯૬૫-૫-૬ થાય છે. ભાડું, સીંકીંગ ફંડ, મ્યુ. બીલ વગેરે કાંઇપણ ન ગણીએ તો મુંબઈમાં ૧૦૦ વિદ્યાર્થી રહે તેને વરાંડે તે રકમ રૂ. ૨૬૯-૦-૦ દર વિદ્યાર્થી દીઠ થાય, જે બતાવે છે કે વાર્ષિક ખર્ચની

રકમ વિદ્યાર્થી દીઠ રૂા. ૨૨૫) લેવાની ભલામણ વ્યવસ્થાપક સમિતિએ કરી છે તે વ્યાજબી છે.

રજત મહોત્સવને અંગે ફંડ, ભેટ, ટીકીટવેચાણ અને સ્મારકગ્રંથ વેચાણની કુલ આવક રૂા. ૯,૩૯૭-૦-૦ થઈ છે, જ્યારે તેને અંગે ખર્ચ રૂા. ૯,૨૬૦-૧૧-૯ થયો છે. હજુ સ્મારકગ્રંથના પુસ્તકો બાકી રહ્યા છે તેની જે આવક થશે તે સદર ખાતે જમે કરી છેવટે વટાવ ખાતે લઈ જવામાં આવશે. સરવૈયા ઉપરથી જોવામાં આવશે કે વટાવ ખાતે રૂા. ૫૦,૬૬૫-૯-૨ લેણા છે, તેની સામે ચાલુ ફંડ નં. ૨ માં રૂા. ૧,૦૮,૪૧૯-૦-૦ રકમ જમા છે. તે ફંડ અને સ્થાયી ફંડના રૂા. ૧૪,૮૮૧-૦-૦ ની રકમો કેપીટલ ખાતાની ગણવામાં આવે છે તે પર ધ્યાન ખેંચવામાં આવે છે.

આપ આવકજાવકનું નવા વર્ષનું બજેટ ( અંદાજ ) જોશો તો તેમાં પણ રૂા. ૩૧,૦૦૦ લગભગનો તોટો ગણવામાં આવ્યો છે. આ સર્વ બાબત પર વિગતવાર ધ્યાન ખેંચવાનું કારણ એ છે કે આપણી આવકના સાધનો વધાર્યા વગર ચાલે તેમ નથી. હજુ તો દેવકરણ મેન્શનના મારગેજીને ત્રણ લાખ રોકડા દેવાના છે અને આ પ્રમાણે ખર્ચમાં જ ખાદ આવ્યા કરે તો તો એવડા મોટા દેવામાંથી આપણે કદીપણ મુક્ત થઈ શકીએ નહિ.

